અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૩ મે ૨૦૨૫, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ વદ ૧૧
વર્ષ : ૧૬
અંક : ૩૨૦
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### બીકાનેરમાં ૨૬ હજાર કરોડ રૂપિયાની પરિયોજનાનો શિલાન્યાસ

## દેશના દુશ્મનોએ જોયું જ્યારે સિંદૂર બારૂદ બને છે ત્યારે શું પરિણામ આવે છેઃ પીએમ મોદી

### વડાપ્રધાન મોદીએ બીકાનેરમાં કહ્યું કે આતંકીઓએ ધર્મ પૂછી અમારી બહેનની માંગનો સિંદૂર લૂછી નાખ્યું અને અમે આતંકવાદીઓને ઘૂંટણિયે પાડી દીધા





। (એજન્સી) બીકાનેર, તા.૨૨ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજસ્થાનના બીકાનેરના પ્રવાસે છે. તેમણે બીકાનેરમાં ૨૬ હજાર કરોડ રૂપિયાની પરિયોજનાનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું હતું. પીએમ મોદીએ અહીં કરણી માતાના દર્શન પણ કર્યા હતા. તેમણે પુનર્વિકસિત દેશનોક રેલવે સ્ટેશનનું ઉદ્ઘાટન કર્યું હતું. પીએમ મોદીએ કહ્યુ કે જ્યારે બાલાકોટમાં એરસ્ટ્રાઈક કરી હતી. ત્યારબાદ અમારી પ્રથમ સભા રાજસ્થાન સરહદ પર થઈ હતી.

પ્રધાનમંત્રીએ કહ્યુ- ઓપરેશન સિંદૂર બાદ મારી પ્રથમ સભા ફરી રાજસ્થાનના બીકાનેરમાં તમારા લોકો વચ્ચે થઈ રહી છે. દુનિયાએ જોયું કે જ્યારે સિંદૂર બારૂદ બને છે તો શું પરિણામ આવે છે. સાથીઓ ૨૨ તારીખના હુમલાના જવામાં ૨૨ મિનિટમાં આતંકીઓના સૌથી મોટા કેમ્પોને તબાહ કરી દેવામાં આવ્યા હતા. અમારી સરકારે ત્રણેય સેનાને ખુલી છૂટ આપી હતી. સેનાએ પાકિસ્તાનને ઘૂંટણ ટેકવા મજબૂર કરી દીધું હતું. દેશે આતંકીઓનો ખાત્મો કરવાનો સંકલ્પ લીધો હતો.બી

પીએમ મોદીએ કહ્યું- ધર્મ પૂછી આપણી બહેનોનું સિંદૂર ઉઝેડી દીધું હતું. પહેલગામમાં ગોળીઓ ચાલી હતી પરંતુ તે ગોળીઓ ૧૪૦ કરોડ દેશવાસીના, આપણી બહેનોના વાળના વિદાયમાં સિંદૂરનો નાશ થયો. પહેલગામમાં તે હૃદયને વીંધી ગઈ હતી. આ પછી, દેશના દરેક નાગરિકે એક થઈને સંકલ્પ કર્યો કે તેઓ આતંકવાદીઓનો સફાયો કરશે. અમે તેમને કલ્પના કરતાં પણ વધુ સજા કરીશું. આજે, તમારા આશીર્વાદ અને દેશની સેનાની બહાદુરીથી, આપણે બધા તે પ્રતિજ્ઞા પર ઉભા થયા છીએ. અમારી સરકારે ત્રણેય દળોને છૂટ આપી હતી. ત્રણેય સેનાઓએ મળીને એવું ચક્રવ્યૂહ બનાવ્યું કે પાકિસ્તાનને ઘૂંટણિયે પડવાની ફરજ પડી. પીએમ મોદીએ કહ્યું કે તેમને લાગતું હતું કે ભારત ચૂપ રહેશે, આજે તેઓ ખૂણામાં છુપાઈ રહ્યા છે. તેઓ પહેલા પોતાના શસ્ત્રો પર ગર્વ કરતા હતા, આજે તેઓ કાટમાળના ઢગલા નીચે દટાયેલા છે. આ કામ બદલો લેવાની રમત નથી, તે ન્યાયનું એક નવું સ્વરૂપ છે. આ ઓપરેશન સિંદૂર છે. આ ફક્ત ગુસ્સો નથી, આ શક્તિશાળી ભારતનું ઉગ્ર સ્વરૂપ છે. આ ભારતનું નવું સ્વરૂપ છે. પહેલા તેણે ઘરમાં ઘૂસીને હુમલો કર્યો. હવે છાતી પર સીધો ફટકો છે. આ નીતિ છે, આ આતંકને કચડી નાખવાની પદ્ધતિ છે, આ ભારત છે, આ નવું ભારત છે. આતંકવાદ સામે લડવા માટે ઓપરેશન સિંદૂરમાં ત્રણ સિદ્ધાંતો નિર્ધારિત કરવામાં આવ્યા છે. જો ભારત પર આતંકવાદી હુમલો થશે તો યોગ્ય જવાબ આપવામાં આવશે. સમય આપણા દળો દ્વારા નક્કી કરવામાં આવશે. પદ્ધતિ આપણા દળો દ્વારા નક્કી કરવામાં આવશે અને પરિસ્થિતિઓ પણ આપણી રહેશે.

પીએમ મોદીએ કહ્યુ કે બીજું, ભારત પરમાણુ બોમ્બના ખતરાથી ડરશે નહીં અને ત્રીજું, આપણે આતંકના માસ્ટર અને આતંકવાદીઓને આશ્રય આપ તી સરકારને અલગ નહીં જોઈએ. આપણે તેમને સમાન ગણીશું.

પાકિસ્તાનનો રાજ્ય અને બિન-રાજ્ય આતંકનો ખેલ હવે ચાલશે નહીં. તમે જોયું જ હશે કે આપણા દેશમાંથી ૭ અલગ અલગ પ્રતિનિધિમંડળો પાકિસ્તાનને ઉજાગર કરવા માટે વિશ્વભરમાં પહોંચી રહ્યા છે. તેમાં દેશના તમામ રાજકીય પક્ષોના લોકોનો સમાવેશ થાય છે. તેઓ વિદેશ નીતિના નિષ્ણાત અને એક આદરણીય નાગરિક છે.

### ન્યૂઝ બ્રિફ

### દાનિશ ISI એજન્ટ નીકળ્યો, દિલ્હીમાં બેસીને કરતો હતો જાસૂસી



। ઈસ્લામાબાદ, તા. ૨૨ ।

પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપમાં ધરપકડ કરાયેલ યુટ્યુબર જ્યોતિ મલ્હોત્રાનો પાકિસ્તાન દૂતાવાસમાં તૈનાત દાનિશ સાથેનો સંબંધ પ્રકાશમાં આવ્યો હતો. એ જ દાનિશ વિશે એક મોટો ખુલાસો થયો છે. એહસાન-ઉર-રહેમાન ઉર્ફે દાનિશ ISI એજન્ટ હતો. એજન્સીને મળેલી માહિતી અનુસાર, દાનિશ ઈસ્લામાબાદમાં ISIમાં પોસ્ટેડ હતો. દાનિશનો પાસપોર્ટ ઈસ્લામાબાદથી જ જારી કરવામાં આવ્યો હતો. દાનિશને ભારતના વિઝા ૨૧ જાન્યુઆરી, ૨૦૨૨ ના રોજ જારી કરવામાં આવ્યા હતા. પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશનમાં એજન્ટોને તેમની પોસ્ટ બદલીને તૈનાત કરે છે, જેના દ્વારા ISI એજન્ટો વિઝા મેળવવા આવતા લોકો અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ સાથે મિત્રતા કરીને, તેમને બ્લેકમેઈલ કરીને, તેમને હની ટ્રેપમાં ફસાવીને અને પૈસાની લાલચ આપીને ભારત વિરુદ્ધ જાસૂસી કરવા દબાણ કરે છે.

## ઈઝરાયલે ગાઝામાં હોસ્પિટલને નિશાન બનાવી કરી એરસ્ટ્રાઈક

### ઇઝરાયલે અલ અવદા હોસ્પિટલ પર કરેલા ડ્રોન હુમલાના લીધે હોસ્પિટલ સ્ટાફની હિલચાલ મર્યાદિત થઈ ગઈ હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ગાઝામાં ઈઝરાયલે હવે હોસ્પિટલોને પણ ટારગેટ કરવાનું શરૂ કર્યું છે. આંતરરાષ્ટ્રીય આક્રોશ વચ્ચે પણ ઈઝરાયેલના જારી હુમલામાં ૮૨ના મોત થયા છે અને તેમાં મુખ્યત્વે મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે, એમ ગાઝાના આરોગ્ય મંત્રાલય અને એરિયા હોસ્પિટલોએ જણાવ્યું હતું. ઈઝરાયેલે ગાઝાવાસીઓને આખુ ઉત્તરી ગાઝા ખાલી કરી દેવાનો આદેશ આપ્યો છે. ઈઝરાયલે અલ અવદા હોસ્પિટલ પર કરેલા ડ્રોન હુમલાના લીધે હોસ્પિટલ સ્ટાફની હિલચાલ મર્યાદિત થઈ ગઈ હતી. હોસ્પિટલના ડિરેક્ટર ફોન પર હતા ત્યારે આ હુમલો થયો હતો. આ ઉપરાંત અગાઉ ઈઝરાયલે દર્દીઓને લઈ જતી એમ્બ્યુલન્સો પર પણ હુમલો કર્યો હતો. ઈઝરાયલના હુમલાના કારણે ગાઝાની ૨૦ લાખની વસ્તીને આરોગ્ય સેવા પૂરી પાડતી ૩૬ હોસ્પિટલમાંથી ૨૦ અંશતઃ ધોરણે માંડ-માંડ ચાલી રહી છે. ઈઝરાયેલના લશ્કરી દળો હવે ફક્ત હોસ્પિટલ પર બોમ્બાર્ડિંગ જ કરી રહ્યા છે તેવું નથી, તેના પર રીતસરનો કબ્જો જમાવી રહ્યા છે.



તેની સાથે સ્ટાફના બહાર આવવા જવા પર પ્રતિબંધ મૂકી રહ્યા છે. તેમા પણ એકમાત્ર બચી ગયેલા મેડિકલ સેક્ટર અલ-અવદા હોસ્પિટલને અલગથલગ પાડી દીધું છે. તેની બધી જ કમ્યુનિકેશન ચેનલ બંધ કરી દીધી છે. આના લીધે હોસ્પિટલો માટે લોકોને તબીબી સહાય પૂરી પાડવી અઘરી પડી છે.જો કે તેઓને સૌથી વધુ ડર તો ગમે ત્યારે ખાબકતા ઈઝરાયેલના ડ્રોનનો છે. હવે ગાઝામાં તબીબી સેવા સંપૂર્ણ પણે ખતમ થઈ જાય તે દિવસો બહુ દૂર નથી. ઈઝરાયેલ આખા ગાઝાને સાફ કરવા તરફ આગળ વધી રહ્યું છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનું કહેવું છે કે આગામી દિવસોમાં ગાઝામાં હેલ્થ સર્વિસ સંપૂર્ણ ખતમ થઈ જશે. ઈઝરાયેલના હુમલામાં અત્યાર સુધીમાં યુએનના ૧૦૦થી પણ વધુ આરોગ્ય કર્મચારીઓના મોત થયા છે. આ બધા સામે ઈઝરાયેલનો દાવો છે કે હમાસના આતંકીઓ હોસ્પિટલોને કમાન્ડ સેન્ટર બનાવતા હોવાથી અમારે હુમલા કરવા પડે છે. ઈઝરાયલ પર ગાઝામાં ચાલતુ યુદ્ધ અટકાવવું આંતરરાષ્ટ્રીય દબાણ વધી રહ્યુ છે. અગાઉ ૨૩ દેશોની ધમકી પછી યુકેએ ઈઝરાયેલ સાથે મુક્ત વ્યાપાર મંત્રણા સ્થગિત કરી હતી. યુકે, કેનેડા અને ફ્રાન્સે ગાઝામાં યુદ્ધ અટકાવવા માટે મજબૂત પ્લાનની તૈયારી દાખવ્યા પછી યુકેએ આ પગલું લીધું છે. આ ઉપરાંત યુરોપીયન યુનિયનના વિદેશી નીતિના વડાએ જણાવ્યું હતું કે તેઓ ગાઝા યુદ્ધમાં ઈઝરાયેલને અટકાવવા તેની સાથે વેપાર સંબંધોની સમીક્ષા કરવાના છે.

### ઈંગ્લેન્ડના પ્રવાસ માટે ભારતીય ટીમની જાહેરાત

। નવી દિલ્હી, તા.૨૨ ।

ભારતીય સિનિયર ક્રિકેટ ટીમ જૂનમાં ઈંગ્લેન્ડનો પ્રવાસ કરશે. ભારતની અંડર-૧૯ ટીમ પણ આ મહિને ઈંગ્લેન્ડનો પ્રવાસ કરશે. આ માટે BCCI એ ટીમની જાહેરાત કરી છે. IPL 2025 માં CSK વતી રમનાર આયુષ મ્હાત્રેને ટીમની કમાન સોંપવામાં આવી છે. IPLમાં ૩૫ બોલમાં સદી ફટકારનાર ૧૪ વર્ષીય વૈભવ સૂર્યવંશીને પણ ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે.

### અચાનક ભાવમાં થયો મોટો વધારો

## ભારતમાં સોનાની કિંમતમાં જોરદાર તેજી જોવા મળી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

આજે ભારતના મુખ્ય શહેરોમાં જેમ કે દિલ્હી, પટના, મુંબઈ, બેંગલુરુ અને ચેન્નાઈમાં સોનાના ભાવમાં વધઘટ જોવા મળી છે. સોનાની કિંમત આંતરરાષ્ટ્રીય બજાર અનુસાર બદલાય છે અને ડોલરના ભાવ, માંગ-પુરવઠો, આર્થિક પરિસ્થિતિઓ અને તહેવારોની મોસમ જેવા ઘણા પરિબળોને કારણે દરરોજ બદલાય છે. સોનાને સુરક્ષિત રોકાણ વિકલ્પ તરીકે પણ જોવામાં આવે છે, તેથી જ લોકો ઘણીવાર તેની કિંમતો પર નજર રાખે છે. ૨૪ કેરેટ સોનાની કિંમત આજે દિલ્હીમાં ૯૭૫૭૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે, જેમાં ૨૪૦૦ રૂપિયાનો વધારો થયો છે. તો ૨૨ કેરેટ સોનાની કિંમત ૮૯૪૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે, જેમાં ૨૨૦૦ રૂપિયાનો વધારો થયો છે. મુંબઈમાં ૨૪ કેરેટ સોનું ૯૭૪૨૦ રૂપિયામાં મળી રહ્યું છે, જેમાં ૨૪૦૦ રૂપિયાનો વધારો થયો છે. તો ૨૨ કેરેટ સોનાની કિંમત ૮૯૩૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે. અમદાવાદમાં ૨૪ કેરેટ સોનાની કિંમત આજે ૯૭,૪૭૦ રૂપિયા છે, જેમાં ૨૪૦૦ રૂપિયાનો વધારો થયો છે. જ્યારે ૨૨ કેરેટ સોનાની કિંમત ૮૯૩૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે, જેમાં ૨૨૦૦ રૂપિયાનો વધારો થયો છે.

### ગુજરાતનાં ૧૮ રેલવે સ્ટેશનોનો સમાવેશ

## ૧૦૩ અમૃત સ્ટેશનોનું PM મોદીએ કર્યું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન

### કરણી માતાના મંદિરના દર્શન કર્યા બાદ મોદીએ કુલ રૂ. ૨૬ હજાર કરોડના ખર્ચે થયેલા અમૃત રેલવે સ્ટેશન ખુલ્લા મુક્યા

। (એજન્સી) બિકાનેર, તા.૨૨ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાજસ્થાનના બિકાનેર ખાતે ૧૮ રાજ્યો અને કેન્દ્ર શાસિત રાજ્યોના ૮૬ જિલ્લામાં રિડેવલપ કરાયેલા ૧૦૩ અમૃત સ્ટેશનનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કર્યુ છે. કરણી માતાના મંદિરના દર્શન કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કુલ રૂ. ૨૬૦૦૦ કરોડના ખર્ચે થયેલા અમૃત રેલવે સ્ટેશન ખુલ્લા મુક્યા હતાં. આ પ્રોજેક્ટમાં ૧૦૦૦



કિલોમીટરનો રેલવે ટ્રેકનું ઈલેક્ટ્રિફિકેશન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સાત મોટા રોડ પ્રોજેક્ટ ત્રણ વ્હિકલ અંડરપાસ, પાવરગ્રીડ ટ્રાન્સમિશન પ્રોજેક્ટ અને રાજસ્થાનનો ૯૦૦ કિ.મી. નેશનલ હાઈ-વેના કામકાજ સામેલ હતા. આ યોજનાનો ઉદ્દેશ દેશભરમાં ૧,૩૦૦થી વધુ રેલવે સ્ટેશનોને અદ્યતન સુવિધાઓ પૂરી પાડવાનો છે. જેમાં ગુજરાત સહિત આંધ્રપ્રદેશ, આસામ, બિહાર, છત્તીસગઢ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, કર્ણાટક, કેરળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, પુડુચેરી, રાજસ્થાન, તમિલનાડુ, તેલંગાણા, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળના વિવિધ સ્ટેશનોનો સમાવેશ થાય છે.

### સાયબર ક્રાઈમ વિરુદ્ધ સરકાર એક્શનમાં

## સાયબર ક્રાઈમ વિરુદ્ધ સરકારે e-Zero FIR સેવા શરૂ કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ભારત સરકારે તાજેતરમાં જ ઈ-ઝીરો FIR નામની એક નવી સેવા શરૂ કરી છે, જેનો ઉદ્દેશ સાયબર સુરક્ષાને મજબૂત કરવાનો અને મોટી સાયબર છેતરપિંડીની તપાસમાં ઝડપ લાવવાનો છે.

આ સેવા હાલમાં દિલ્હીમાં પાયલટ પ્રોજેક્ટ તરીકે શરૂ કરવામાં આવી છે અને જેમાં ૧૦ લાખ રૂપિયાથી વધુની ઓનલાઈન છેતરપિંડીની ફરિયાદો આપોઆપ FIRમાં રૂપાંતરિત થઈ જશે. આ પહેલનો હેતુ સાયબર ગુનાઓ પર તાત્કાલિક કાર્યવાહી કરવાનો અને તપાસમાં સમય બચાવવાનો છે. ૧૦ લાખ રૂપિયાથી વધુની સાયબર નાણાકીય છેતરપિંડીની ફરિયાદો હવે આપોઆપ FIRમાં બદલાઈ જશે. આ સુવિધા ૧૯૩૦ હેલ્પલાઈન અથવા નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (NCRP) પર કરાયેલી ફરિયાદો પર લાગુ થશે. આ નવી વ્યવસ્થા ઈ-ઝીરો FIR નામે શરૂ કરવામાં આવી છે, જે હાલ દિલ્હીમાં પાયલટ પ્રોજેક્ટ તરીકે શરૂ થઈ છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે આનાથી તપાસ અને કાર્યવાહીમાં ઝડપ આવશે અને ગુનેગારોને જલદી પકડી શકાશે. ભવિષ્યમાં આ સિસ્ટમ સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવશે.

### અથડામણમાં એક જવાન શહીદ, બે આતંકી ઠાર

## કિશ્તવાડમાં આતંકવાદીઓ અને સુરક્ષાદળોની વચ્ચે અથડામણ

। (એજન્સી) જમ્મુ, તા.૨૨ ।

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડના ચટરૂના સિંહપોરા વિસ્તારમાં આતંકવાદીઓ અને સુરક્ષાદળો વચ્ચે અથડામણ થઈ. સુરક્ષાદળોએ ફાયરિંગ બાદ ત્રણથી ચાર આતંકવાદીઓને ઘેરી લીધા. ફાયરિંગમાં એક જવાન શહીદ થયો છે.

આ અગાઉ બે આતંકવાદીઓને પણ ઠાર મારાયા હતા. જો કે, હાલ વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરાયું છે. સુરક્ષા એજન્સીઓને માહિતી મળી હતી



કે ચટરૂના સિંહપોરા વિસ્તારમાં આતંકવાદીઓ છૂપાયા છે. માહિતી મળતા જ સુરક્ષાદળોએ વિસ્તારને ઘેરી લીધો. જ્યારબાદ આતંકવાદીઓએ ફાયરિંગ શરૂ કરી દીધું. સુરક્ષાદળોએ પણ જવાબી કાર્યવાહી કરી. બંને તરફથી ફાયરિંગ થયું. જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે વહેલી સવારથી ચાલુ અથડામણમાં બે આતંકવાદીઓ ઠાર થયા હોવાના અહેવાલો મળ્યા છે. સુરક્ષા દળોએ કિશ્તવાડના સિંહપોરા, ચટરૂ વિસ્તારમાં અનેક આતંકવાદીઓને ઘેર્યા હતા. સેના અને સુરક્ષા દળોનું સંયુક્ત અભિયાન હાલ ચાલુ છે.

કિશ્તવાડના સબ ડિવિઝન ચટરૂના સિંહપોરામાં અથડામણ થઈ. આતંકવાદીની સંખ્યા ત્રણથી ચાર છે. પહલગામ ઘટના પહેલા આ વિસ્તારમાં જ ત્રણ આતંકવાદીઓને ઠાર મરાયા હતા.

### સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢી

## તમારી ED તમામ હદ પાર કરી રહી છે : સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

તમિલનાડુ સરકારની અરજી પર સુપ્રીમ કોર્ટે ઈડીને નોટિસ ફટકારી છે. તમિલનાડુ સરકારે તમિલનાડુ સ્ટેટ માર્કેટિંગ કોર્પોરેશન (TASMAC) મુખ્યાલયમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા કરવામાં આવેલી તપાસ સામે અરજી દાખલ કરી હતી. આ કેસ મદ્રાસ હાઈકોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવ્યો હતો. જેને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે આ મામલે આગળની કાર્યવાહી પર રોક લગાવવાની



વાત કરી છે. સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે CJI બેન્ચને જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ૨૦૧૪-૨૧માં ૪૧ FIR દાખલ કરી હતી, EDએ ૨૦૨૫માં આવીને કોર્પોરેશનના મુખ્યાલય પર દરોડા પાડ્યા હતા, બધા ફોન છીનવી લેવામાં આવ્યા હતા, બધું ક્લોન કરવામાં આવ્યું હતું.

### એસ.જયશંકરની સીધી ચેતવણી

## જો આતંકવાદી પાકિસ્તાનમાં જ છે તો ત્યાં જ મારી નાખીશું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે પાકિસ્તાનને ખુલ્લી ચેતવણી આપતા કહ્યું કે પાકિસ્તાનમાં જ્યાં પણ આતંકવાદીઓ છુપાયેલા હશે, તેમને ત્યાં જ મારી નાખવામાં આવશે. તેમણે કહ્યું કે પાકિસ્તાન આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર કટ્ટરપંથી વિચાર ધરાવતા વ્યક્તિ છે. અમેરિકી પ્રમુખ ટ્રમ્પ ના દાવાનો પર્દાફાશ કરતા તેમણે કહ્યું કે ભારત અને પાકિસ્તાન સીધી વાતચીત દ્વારા યુદ્ધવિરામ



પર સંમત થયા હતા. ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું કે જો ૨૨ એપ્રિલે પહેલગામમાં જે પ્રકારની કાર્યવાહી આપણે જોઈ હતી તેનું પુનરાવર્તન થશે તો તેનો કડક જવાબ આપવામાં આવશે. જો આતંકવાદીઓ પાકિસ્તાનમાં છુપાયેલા હશે, તો તેમના પર ત્યાં હુમલો કરવામાં આવશે. તેઓ જ્યાં પણ હશે, અમે તેમને ત્યાં જ નિશાન બનાવીશું. ઓપરેશન સિંદૂર ચાલુ રાખવું એ એક સંદેશ છે. જયશંકરે એક મુલાકાતમાં કહ્યું હતું કે પહેલગામમાં થયેલો હુમલો પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓ દ્વારા કરવામાં આવ્યો હતો. આ પાછળનો હેતુ ધાર્મિક આધાર પર લોકોને નિશાન બનાવવાનો હતો. તેમણે કહ્યું કે આપણા ધર્મની જાણ થયા પછી, ૨૬ લોકોની તેમના પરિવારોની સામે હત્યા કરવામાં આવી.

## અમદાવાદમાં કોરોનાના ૭ કેસ નોંધાતા સિવિલ હોસ્પિટલ સતર્ક

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદમાં કોરોનાના સાત નવા પોઝિટિવ કેસ નોંધાયા છે, જેના પગલે શહેરનું તંત્ર સતર્ક થઈ ગયું છે. કોરોના દર્દીઓ માટે ૧,૨૦૦ બેડની વ્યવસ્થા સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવી છે. આ સિવાય ઓક્સિજન અને દવાઓ સહિતની તમામ વ્યવસ્થાઓ પણ તાત્કાલિક ધોરણે તૈયાર કરવામાં આવી છે. સિવિલ હોસ્પિટલના ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું કે, “કોરોના રોગથી ગભરાવાની જરૂર નથી. હોસ્પિટલમાં પુરતી વ્યવસ્થા છે અને જરૂર પડે તો તાત્કાલિક સારવાર માટે તમામ સાધનો પણ ઉપલબ્ધ છે. જો ઓક્સિજનની જરૂર ઊભી થાય તો ૨૦ હજાર લિટરની બે ટેન્ક પણ તૈયાર કરવામાં આવી છે.

## અમદાવાદમાં રથયાત્રાના રૂટમાં કોઈ ફેરફાર નહીં થાય

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ દર વર્ષે અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથની રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રાને ગણતરીના દિવસો બાકી છે. ત્યારે રથયાત્રાના રૂટમાં ફેરફારને લઈને મંદિર ટ્રસ્ટ, એએમસી, મેટ્રો રેલ અને પોલીસ વચ્ચે વિવાદ શરૂ થયો હતો. જોકે હવે આ વિવાદનો અંત આવી ગયો છે. કાલુપુર પાસે ડાયવર્ઝનને એક દિવસ માટે ખોલશે. જેથી હવે રથયાત્રાના રૂટમાં કોઈ ફેરફાર થશે નહી, રથયાત્રા પરંપરાગત રૂટ પરથી જ પસાર થશે. હાલમાં કાલુપુર રેલવે સ્ટેશન નજીક નવા ફ્લાયઓવરનું બાંધકામ ચાલી રહ્યું છે. જેની સ્થળ મુલાકાત બાદ રથયાત્રાનો પ્રસ્તાવિત રૂટ પંચકુવા દરવાજાથી કાલુપુર રેલવે સ્ટેશન તરફ જશે. કાલુપુર રેલવે સ્ટેશનની સામેની તરફના રોડ (કાલુપુરથી સારંગપુર જવાનો રસ્તો) પર ખસેડવામાં આવશે અને ફરીથી રેલવે વર્ક પિયર નંબર ૨૪થી મોતી મહેલ રેસ્ટોરન્ટ તરફ જશે.

### કુલ ૪૫૬૯૫ અરજદારોએ શાળાઓની પુનઃપસંદગી કરી

# RTE હેઠળ બીજા રાઉન્ડમાં ૭૦૦૦ બાળકોને પ્રવેશ અપાયો

### પ્રથમ રાઉન્ડમાં ૮૬૨૬૪ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

RTE એક્ટ-૨૦૦૯ અન્વયે બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા લેખે ધોરણ-૧માં નબળા અને વંચિત જૂથનાં બાળકોને પ્રવેશ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. જે અંતર્ગત તા.૨૧ મે ૨૦૨૫ના રોજ યોજાયેલા RTE પ્રવેશ પ્રક્રિયાના બીજા રાઉન્ડ બાદ વધુ ૭૦૦૬ જેટલા બાળકોને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. આ બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ તા.૨૮મે ૨૦૨૫ બુધવાર સુધીમાં જે તે શાળામાં શાળા સમય દરમિયાન રૂબરૂ હાજર થઈ જરૂરી આધાર પુરાવા જમા કરાવી પ્રવેશ નિયત કરાવી લેવાનો રહેશે.

RTE પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઉપલબ્ધ જગ્યાઓ પૈકી બીજા રાઉન્ડની પ્રવેશ ફાળવણી બાદ અરજદારોની પસંદગીના અભાવે સમગ્ર રાજ્યમાં ગુજરાતી માધ્યમની ૭૨૮, અંગ્રેજી માધ્યમની ૪૫૬૪, હિન્દી માધ્યમની ૧૯૨૦ અને અન્ય માધ્યમની ૧૬૬ એમ કુલ ૭૩૭૮ જેટલી જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.રાજ્ય સરકારનાં પ્રયાસોથી વાલીઓમાં જાગૃતિ આવતા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં રાજયની કુલ ૯૮૧૪ જેટલી બિન અનુદાનિત પ્રાથમિક શાળામાં જુદા જુદા માધ્યમમાં કુલ ૯૪૭૯૮ જેટલી જગ્યાઓ RTE હેઠળ ઉપલબ્ધ હતી. જે પૈકી વિદ્યાર્થીઓની પસંદગી અને ૬ કિમીની ત્રિજયાના વિસ્તારમાં ઉપલબ્ધ શાળાઓમાં નિયમોને ધ્યાનમાં લઈ પ્રથમ રાઉન્ડમાં ૮૬૨૬૪ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. જેમાંથી નિયત સમયમર્યાદામાં ૮૦૫૪૩ જેટલા વિદ્યાર્થીઓએ જે-તે શાળામાં રૂબરૂ જઈ પ્રવેશ મેળવી લીધો છે. પ્રથમ રાઉન્ડની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેલ ૧૪૩૪૫ જગ્યાઓ પર વધુને વધુ નબળા અને વંચિત જૂથના બાળકોનu RTE હેઠળ પ્રવેશનો લાભ મળી રહે તે હેતુથી પ્રથમ રાઉન્ડમાં પ્રવેશથી વંચિત રહેલા અને માન્ય અરજી ધરાવતા ૮૯૪૪૫ અરજદારોને શાળાઓની પુનઃપસંદગીની તક તા.૧૫ મે ૨૦૨૫ થી તા.૧૭ મે ૨૦૨૫ દરમિયાન આપવામાં આવી હતી.

### ગુજરાતમાં નશાનો કારોબાર દિનપ્રતિદિન વધી રહ્યો છે

# સુરતમાં ૩૬ લાખના ઇ સિગારેટના જથ્થા સાથે એક આરોપીને ઝડપાયો

### આરોપી મુંબઈથી ઇ સિગારેટ લાવતો હતા, જે બાદ ઇ સિગારેટનું સુરતમાં વેચાણ કરતો હતા

। (એજન્સી) સુરત, તા.૨૨ ।

ગુજરાતમાં નશાનો કારોબાર દિનપ્રતિદિન વધી રહ્યો છે. જોકે, મોટા શહેરોમાં પાર્ટીઓમાં હાલ ઈ સિગારેટના સેવનનું પ્રમાણ વધ્યું છે. ગુજરાતમાં ઈ સિગારેટના સેવન પ્રતિબંધ છે. તોપણ તેનું વેચાણ કરવામાં આવે છે.ગુજરાતમાં મેટ્રો સિટી કહેવાતા સુરત, અમદાવાદમાં ઘણીવાર ઈ સિગારેટનો જથ્થો ઝડપાયો છે. તો સુરતમાં ૩૬ લાખના ઈ સિગારેટના જથ્થા સાથે એક આરોપીને ઝડપી લેવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ સુરતમાંથી કુલ ૩૬ લાખની કિમતનો ઈ સિગારેટનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે. જીંર પોલીસે રાંદેરના મેરુલક્ષ્મી એપાર્ટમેન્ટમાં રેડ પાડી હતી. જે દરમિયાન તેમને ૩૬ લાખનો ઈ સિગારેટના જથ્થા સાથએ આરોપી નાઝિર શેખની ધરપકડ કરી હતી. તો પોલીસે આરોપી સામે તપાસ હાથ ધરી હતી. જે તપાસ દરમિયાન SOG પોલીસને જાણવા મળ્યું કે, આરોપી મુંબઈથી ઈ સિગારેટ લાવતો હતો. જે બાદ ઈ સિગારેટનું સુરતમાં વેચાણ કરતો હતો. તો સમગ્ર મામલે SOGએ આરોપીને ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.ગુજરાતમાં અગાઉ ઈ સિગારેટનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે. ગુજરાતમાં અગાઉ પણ ઈ સિગારેટનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે. અગાઉ અમદાવાદમાં ગાંધી રોડ પાસે લાખોની કિમતનો ઈ સિગારેટનો જથ્થો ઝડપી લેવાયો હતો.તો તાજેતરમાં સ્ટેટ મોનિટરિંગ સેલે નવસારીના વાસદામાંથી ગાંજાયુક્ત જોમ્બી ઈ સિગારેટ ઝડપી લીધી હતી. જ મામલે ર આરોપીઓની અટકાયત કરી હતી. આરોપીઓ યુવાનોને નશાની લત લગાવીને બરબાદ કરી રહ્યા છે. ગુજરાત સહિત સુરતમાં ઘણીવાર ડ્રગ્સ અને નશીલા પદાર્થો ઝડપાતા હોય છે. જેમાં આરોપીઓ કાયદાનો ડર ન હોય તેમ બેફામ વેચાણ કરતા હોય છે.

# જામકંડોરણાના ધોળીધાર ગામમાં પૂરમાં બળદ અને ખેડૂત ફસાયા

### ધોળીધાર ગામમાં 3 ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો જેમાં નદીમાં પૂર આવી જતા ખેડૂત અને બળદ ફસાઈ ગયા

। (એજન્સી) રાજકોટ, તા.૨૨ ।

ગુજરાતમાં હાલ ભારે કમોસમી વરસાદ વરસી રહ્યો છે. ગુજરાતમાં ભાવનગર, સુરત અને અમરેલીમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જેમાં જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે.ગુજરાતના ઘણા વિસ્તારોમાં ઠેર ઠેર પાણી ભરાઈ રહ્યું છે. તો રસ્તાઓ પર પાણી વહી રહ્યું છે.

જેના લીધે લોકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. ત્યારે રાજકોટ જિલ્લાના જામકંડોરણાના ધોળીધાર ગામમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ધોળીધાર ગામમાં ૩ ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. જેમાં નદીમાં પૂર આવી જતા ખેડૂત અને બળદ ફસાઈ ગયા હોવાની ઘટના સામે આવી હતી. રાજકોટ જિલ્લાનાં જામકંડોરણા પંથકમાં ગઈકાલે ધોધમાર વરસાદ પડ્યો હતો. ત્યારે ધોળીધાર ગામમાં ૩ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. જેના લીધે અચાનક નદીમાં પૂર આવ્યું હતું. તો એક બળદગાડું પૂરમાં તણાઈ ગયું હતું. જેમાં ખેડૂત અને તેના બળદ ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. ખેડૂત અને બળદને તણાતા જોઈને આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. જે બાદ ભારે જહેમતથી ગ્રામજનોએ ખેડૂત અને બળદને હેમખેમ બચાવી લીધા હતા. ત્યારે તેનો વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થયો હતો. રાજકોટમાં હવામાને કરેલી આગાહી પ્રમાણે ધોધમાર વરસાદ વરસ્યો હતો. જામકંડોરણા અને જેતપુર વિસ્તારમાં ભારે વરસાદ વરસી જતાં વાતાવરણમા ઠંડક પ્રસરી ગઈ હતી.

### ક્વેરીને માટે આવેલા ફોને મહિલા આરોપીનો ભાંડો ફોડી દીધો

# મેડીક્લેમ ફોર્મમાં ખોટા સહિ-સિક્કા કરી તબીબની મહિલા સ્ટાફે આચર્યુ કૌભાંડ

### મહિલા આરોપી રશ્મીબેન પાટીલે જ તબીબ સાથે છેતરપિંડી આચરી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ શહેરમાં મહિલા તબીબ સાથે છેતરપિંડીની ઘટના સામે આવી છે. આ છેતરપિંડી કોઈ સાયબર છેતરપિંડી નહીં પણ તેમની ડિગ્રી અને સહી માટે કરવામાં આવી છે. આ સમગ્ર બાબતે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. ત્યારે કોણે મહિલા તબીબ સાથે કેવી રીતે છેતરપિંડી કરી, જોઈએ આ રિપોર્ટમાં. મહિલા આરોપી રશ્મીબેન પાટીલે જ તબીબ સાથે છેતરપિંડી આચરી છે, જેના ગુનામાં તેને હવે જેલના સળિયા ગણવાનો વારો આવ્યો છે. ઘટનાની વાત કરીએ તો શાહપુરમાં ગાયનોકોલોજીસ્ટ મહિલા તબીબે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે વેલીસ ડાયગ્નોસ્ટીક એન્ડ પેથોલેજી સેન્ટરના ડાયરેકટર અને પેથોલોજીસ્ટ રશ્મીબેન પાટીલે ક્રૈઝમાં ડોકટર પેનલમાં તેમનું નામ મોકલીને તેમના નામના સિક્કા બનાવીને મેડીકલેમ ફોર્મમાં ખોટી સહી તેમજ સિકકાનો ઉપયોગ કરીને છેતરપિંડી આચરી હતી. ૧૩ મેના રોજ એલઆઈસી કંપનીમાંથી મેનેજર મુકેશ ગોયલે વેલીસ ડાયગ્નોસ્ટીક એન્ડ પેથોલોજી સેન્ટરના એક ફોર્મમાં ભૂલ હોવાનું કહીને મહિલા તબીબને ફોન કર્યો હતો. જેથી મહિલા તબીબે કોઈ ફોર્મમાં પેનલ ડોકટર તરીકે સહી કે સિક્કા કર્યા હોવાનું ન કહેતા સમગ્ર કૌભાંડ સામે આવ્યુ હતુ. આરોપીઓએ મહિલા ડોકટરની ડિગ્રી સર્ટિફિકેટ, આધારકાર્ડ અને ગુજરાત મેડીકલ કાઉન્સીલ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટનો ઉપયોગ કરીને પેનલ ડોકટરમાં નામ લખાવીને મેડીકલેમ માટે ખોટા સહિ-સિક્કા કરાવીને કમિશન મેળવતા હોવાનું તપાસમાં ખુલ્યું છે. પોલીસ તપાસમાં સામે આવ્યું કે સેટેલાઈટ વિસ્તારમાં વેલીસ ડાયગ્નોસ્ટીક એન્ડ પેથોલોજી સેન્ટરમાં છેલ્લા પાંચ વર્ષથી પેથોલોજીસ્ટ તરીકે રશ્મીબેન પાટીલ નોકરી કરે છે. બે વર્ષ પહેલા આરોપી રશ્મીબેન લેબોરેટરીમાં સેમ્પલ કલેકશન દરમ્યાન મહિલા તબીબના સંપર્કમાં આવ્યા હતા. ત્યારે રશ્મિબેને એલઆઈસી કંપની સાથે મેડીકલેઈમનું ટાઈઅપ હોવાનું કહ્યું હતુ.

## મોરબીમા બિલ્ડરના પુત્ર પર ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરી અજાણ્યા શખ્સો ફરાર

। (એજન્સી) મોરબી, તા.૨૨ ।

મોરબીમા કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવતો બનાવ સામે આવ્યો છે. મોડી રાત્રે પૈસાની લેતી દેતીમાં બિલ્ડરના પુત્ર પર અજાણ્યા લોકોએ ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું છે. મોટા દહીસર પાસે બનેલી આ ઘટનાથી ચકચાર મચી જવા પામી છે. બિલ્ડરના પુત્ર તરુણ ગામીને ત્રણ ગોળી વાગતા ઈજા પહોંચી હતી. તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. મોરબી તાલુકા પોલીસ અને એલસીબીએ વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરબીમાં મોટા દહીસર પાસે મોડી રાત્રે અજાણ્યા શખ્સોએ બિલ્ડરના પુત્ર તરુણ ગામી પર ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરતાં ચકચાર મચી જવા પામી છે. આ ઘટનામાં તરુણ ગામીને ત્રણ ગોળી વાગતાં તે ઈજાગ્રસ્ત થયો હતો. ગોળી વાગ્યા બાદ તે ૨૦ કિ.મી સુધી ગાડી ચલાવીને ખાખરાળા ગોમ નજીક પહોંચ્યો હતો અને તેના મિત્રને સમગ્ર ઘટના અંગે જાણ કરી હતી.

# ધારાસભ્યોની ગ્રાન્ટમાંથી થતા વિકાસકામોની યાદીમાં જળસંચયનો સમાવેશ કરાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ મતવિસ્તારમાં સામૂહિક વિકાસના મહત્વના નાના કામો માટે દરેક ધારાસભ્યને મતવિસ્તાર દીઠ ચોક્કસ વાર્ષિક રકમ ફાળવવાની યોજનામાં વર્ષ ૨૦૨૫-૨૬થી વધારો કરીને રૂ.૨.૫૦ કરોડ કરવામાં આવ્યો છે. આ ગ્રાન્ટમાંથી જિલ્લામાં વિવિધ વિકાસ કાર્યો કરવાની સૂચી તૈયાર કરવામાં આવી છે જેમાં “જળસંચય”ના કામો ઉમેરવામાં આવ્યા છે. એક કામ માટે રૂ.૫ લાખની નાણાકીય મર્યાદા નક્કી કરવામાં આવીરાજ્યના કોઈપણ જિલ્લામાં જળસંચયને લગતા વિકાસ કાર્યો વધુ સારી રીતે થઈ શકે તેવા હેતુથી મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.જે હેઠળ ધારાસભ્યોને મતવિસ્તાર દીઠ ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી જળસંગ્રહ ક્ષમતા વધારવાના અને "કેચ ધ રેઈન" દ્વારા ભૂગર્ભ જળસંગ્રહમાં વધારો થાય, રેઈન વૉટર હાર્વેસ્ટિંગ થાય તેવા સામુહિક વિકાસના કામો માટે રૂ.૫૦ લાખની લઘુત્તમ રકમ વપરાય તેવી જોગવાઈ કરવામાં આવી છે.ગામ તળાવો અને સીમ તળાવો ઊંડા અને છીદ્રાળુ કરવાની કામગીરીમાં લોકફાળા પેટે જરૂરી રકમ સામે ખૂટતી રકમ ધારાસભ્યોની ગ્રાન્ટમાંથી ૧૦ ટકાની મર્યાદામાં ફાળવી શકાશે. જળસંચયના સૂચવાયેલા વિકાસ કાર્યોમાં એક કામ માટે રૂ.૫ લાખની નાણાકીય મર્યાદા નક્કી કરવામાં આવી છે. ધારાસભ્યો પોતાની ગ્રાન્ટમાંથી સૂચવી શકે તેવા વધારાના કામોની અદ્યતન સુચીમાં “જળસંચય”ના કામોની સૂચી તૈયાર કરવામાં આવી છે.જેમાં ગામના તળાવોને ઊંડા કરવાના તથા તળાવમાં પાણી ભરવા માટેના વોકળા, ગટર, નાળીયા ઊંડા ઉતારવાના અને સિંચાઈના કામ, ચેકડેમના કામ, સરકારી બિલ્ડીંગ ઉપર વરસાદી પાણીના સંગ્રહ માટે વોટર હાર્વેસ્ટીંગને લગતા કામ, ગામના પીવાના પાણીના કુવા ઊંડા ઉતારવા, બાંધવા તથા પાણીનો પીવા માટે ઉપયોગ કરવાલક્ષી સુધારણાના કામો કરવામાં આવશે. આ ઉપરાંત કૂવા રીચાર્જીંગના કામ, દુષ્કાળ સમયે શરૂ થયેલ પીવાના પાણીના તળાવો સેઈફ સ્ટેજે લાવવા, પાણીની ટાંકીના નવા કામ, વરસાદી પાણીને ભૂગર્ભમાં ઉતારવા માટે વોટર રીચાર્જ સ્ટ્રક્ચરને લગતા કામ, ભૂગર્ભ જળસંગ્રહના સ્ટ્રક્ચરને લગતા કામો જેવા કે ભુગર્ભ ટાંકી અને તેને લગતી આનુષાંગીક કામ, WTP/STP ના રીપેરીંગ તેમજ તેને લગત આનુષાંગીક કામગીરી, સ્ટોર્મ વોટર ડ્રેઈનના કામ, તળાવના પાળાં અને વેસ્ટ વિયરના મજબુતીકરણના કામ, ચેકડેમ રીપેરીંગ, ચેકવોલ તથા નહેરોની મરામતની કામગીરીનો સૂચિમાં સમાવેશ કરાયો છે.

## ખેરગામમાં કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત, પતિનું મોત, પત્ની ઈજાગ્રસ્ત

। નવસારી, તા.૨૨ ।

હાઈવે પર રોડ એક્સિડન્ટની ઘટનાઓ અવારનવાર સામે આવતી રહે છે. હિટ એન્ડ રનની ઘટનાઓમાં પરિવારના બધા સભ્યોએ જીવ ગુમાવ્યો હોવાની ઘટનાઓ બની છે. તો ઘણીવાર એક્સિડન્ટમાં લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત પણ થતા હોય છે. ત્યારે નવસારીના ખેરગામમાં હિટ એન્ડ રનની ઘટના બની હતી. ખેરગામના રુઝવણી ખાતે બાઈક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં દંપતિ ઈજાગ્રસ્ત થયું હતી. જેમાં પતિનું મોત થયું હતું અને પત્ની ઈજાગ્રસ્ત થઈ હતી. ખેરગામના રુઝવણી ખાતે દંપતિ પોતાના બાઈક પર સવાર થઈને જઈ રહ્યું હતું.

### એકાઉન્ટ દીઠ ૨૦ હજાર મેળવીને બેંક એકાઉન્ટની કીટ સપ્લાય કરતા હતા

# સાયબર ફ્રોડના નાણાં માટે બેંક કીટ સપ્લાય કરતી ગેંગ ઝડપાઇ

### પોલીસે તેમની પાસેથી વિવિધ બેંકના એકાઉન્ટની વેલકમ કીટ, ચેકબુક, પાસબુક અને સીમ કાર્ડ જપ્ત કર્યા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

સાયબર માફીયાના કરોડો રૂપિયાના ટ્રાન્જેકશન માટે બેંક એકાઉન્ટ અને તેની કીટ ભાડે આપતી ગેંગના ચાર સાગરીતોને વાસણા પોલીસે ઝડપી લીધા છે. તેમની તપાસમા તેઓ ખાતેદારને ૨૦ હજાર આપીને તેની કીટ મેળવી લઈ સાયબર માફીયાને સપ્લાય કરતા હતા.

વાસણા પોલીસ ઈન્સ્પેકટર આર એન પટેલને બાતમી મળી હતી કે સાયબર ળોડ અને ક્રિકેટ સટ્ટાના રૂપિયાના ટ્રાન્જેક્શન માટ બેંક કીટ મેળવી લઈ તે માફીયાઓને સપ્લાય કરતી ગેંગના ચાર સાગરીતો અંજલી ચાર રસ્તા પાસે ફરી રહ્યા છે. આ ગેંગ જરૂરીયાતમંદ લોકોના બેંક એકાઉનન્ટ ખોલાવી તેમને ૨૦ હજાર રૂપિયા આપી રહ્યા છે.

પોલીસે તરતજ આ ગેંગના યોગેન્દ્ર છીપા (પાવાપુરી સોસાયટી, મુંદ્રા, કચ્છ), મહર્ષી નરેન્દ્ર દવે (રિદ્ધીનગર, મુંદ્રા), યારૂકમીયા શેખ (કલાપૂર્ણ-૨ સોસાયટી, મુદ્રા) અને આશુપ્રતાપસિંગ રાઠોડ (આઝાદનગર, ભીલવાડા, રાજસ્થાન)ને ઝડપી લીધા હતા. પોલીસે તેમની પાસેથી વિવિધ બેંકના એકાઉન્ટની વેલકમ કીટ, ચેકબુક, પાસબુક અને સીમ કાર્ડ જપ્ત કર્યા હતા. આ બાબતે આર એન પટેલે જણાવ્યું કે યોગેન્દ્ર છીપા અને આસુપ્રતાપસિંગ ખાસ મિત્ર હતા. તેમણે તેમના જાણીતા મહર્ષી દવે અને યારૂકમીયા શેખનો સંપર્ક કરીને ઓફર આપી હતી કે તેમને ગેમીંગ અને સટ્ટા માટે પૈસાના વ્યવહાર કરવા માટે મોટાપ્રમાણમાં બેંક એકાઉન્ટની જરૂર છે જેમાં બેંક એકાઉન્ટની કીટ અને તેમાં રજીસ્ટર્ડ નંબરનું સીમકાર્ડ આપશે.

## વિશેષ

### ૨૩ મે - વિશ્વ કાચબા દિવસ । દ્વારકા જિલ્લાનો દરિયા કાંઠો બન્યો લીલા અને ઓલિવ રીડલી કાચબાનું ‘પિયર’

# દરિયાઇ કાચબાના ઉછેર માટે દ્વારકા જિલ્લામાં બે સ્થળો ઓખામઢી (જૂની) તેમજ નાવદ્રા ખાતે કાર્યરત છે હેચરી

### કાચબા ઉછેર કેન્દ્ર ઓખામઢી ખાતે વર્ષ ૨૦૧૨થી વર્ષ ૨૦૨૫ સુધીમાં અંદાજિત ૮૦ હજાર જેટલા કાચબાઓનો ઉછેર કરી ફરી સમુદ્રમાં છોડાયા

। માહિતી બ્યુરો–દેવભૂમિ દ્વારકા ।

દરિયાઈ જીવ સૃષ્ટિના ઢાલબદ્ધ સભ્ય એવા કાચબાનું માત્ર જૈવિક સંપદા રૂપે જ નહી, પણ પૌરાણિક કથાઓમાં મહાત્મ્ય છે. શાસ્ત્રોમાં પણ ભગવાન વિષ્ણુએ બીજો અવતાર કુર્મના રૂપમાં એટલે કે કાચબાના રૂપમાં લીધો હતો. આમ, આપણા પુરાણોમાં કાચબાઓનું વિશેષ મહાત્મ્ય છે. કાચબાઓ તરફ લોકોનું ધ્યાન દોરવા અને લોકોમાં તેના રક્ષણ અને વિકાસમાં મદદરૂપ થવાની ભાવના ઉત્પન્ન કરવાના ઉમદા ઉદેશ્ય સાથે દર વર્ષે ૨૩ મેના રોજ "વિશ્વ કાચબા દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. કાચબાની વિશ્વમાં જોવા મળતી કુલ ૭ પ્રજાતિઓ પૈકી ભારતના દરિયામાં કુલ ૫ પ્રજાતી જોવા મળે છે. તેમજ ગુજરાતના દરિયામાં ૪ પ્રજાતી જોવા મળે છે. જેમાં ખાસ કરીને દ્વારકા જિલ્લાના દરિયા કાંઠે "લીલા કાચબા" અને "ઓલીવ રીડલી કાચબા"ની મોટા પ્રમાણમાં વસાહત રહેલી છે. કાચબા ઉછેર કેન્દ્ર ઓખામઢી ખાતે વર્ષ ૨૦૧૨થી વર્ષ ૨૦૨૫ સુધીમાં અંદાજિત ૮૦ હજાર કાચબાનો ઉછેર કરી ફરી સમુદ્રમાં છોડવામાં આવ્યા છે. દરિયાઇ કાચબાના ઉછેર માટે દ્વારકા જિલ્લામાં બે સ્થળો ઓખામઢી (જૂની) તેમજ નાવદ્રા ખાતે હેચરી આવેલી છે. કાચબા ઉછેર કેન્દ્ર ખાતે કાચબાઓના બચ્ચાઓના ઉછેર માટે કૃત્રિમ માળાઓ તૈયાર કરવામાં આવ્યા હોય તે વિસ્તારને હેચરી કહેવાય છે. હેચરી માટે વન વિભાગના વનરક્ષકથી લઈ આરએફઓ સુધીનો સ્ટાફ મેન્ટેનન્સ અને દેખરેખ માટે સતત કાર્યરત હોય છે. રેન્જ ફોરેસ્ટ ઓફિસર શ્રી નિલેશ બેલાના જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૧૨- ૧૩માં ઓખા ખાતે હેચરી શરૂ કરવામાં આવી છે. દરિયા કિનારે રેતીમાંથી ઈંડા શોધીને તેને હેચિંગ સેન્ટરમાં રાખવામાં આવે છે. આપણે અહીં. લીલા કાચબા અને ઓલિવ રીડલી કાચબા જોવા મળે છે. જો કે ઓલિવ રીડલી કાચબાની સંખ્યા ૨ ટકા જેવી છે.



આપણે અહીં દરિયા કિનારે લીલા કાચબા વધુ ઈંડા મૂકવા માટે આવે છે. કારણ કે અહીંનું વાતાવરણ, રેતીનો યોગ્ય પ્રકાર તેમજ અહીંનું તાપમાન એને સૌથી વધુ અનુકૂળ આવે છે તેમજ તેમનો ખોરાક આલગી, દરિયાઈ ઘાસ છે અને આ ખોરાક અહીં તેને પૂરતા પ્રમાણમાં મળી રહે છે. માટે તેને ગુજરાતનો દરિયા કિનારો વધુ અનુકૂળ રહે છે. માદા કાચબા દરિયા કિનારે રેતીમાં ઈંડા મૂકે છે. થોડો સમય રહે છે અને ફરી દરિયામાં ચાલ્યા જાય છે. દરિયાઈ કાચબાઓ હાલમાં પણ આપણા માટે રહસ્યમય છે. જેનુ કારણ છે કે તે કોચલામાંથી બહાર નીકળી સમુદ્રમાં પહોંચી પુખ્ત બને તે ઘટનાચક્ર વિષે આપણે ઘણું ઓછું જાણીએ છીએ. એવું માનવામાં આવે છે કે જે સ્થળે જન્મ થયો હોય તેજ કાંઠે માદા પુખ્ત બન્યા પછી ફરી ઈંડા મુકવા આવે છે. ફક્ત માદા કાચબા જ ઈંડા મૂકવા ધરતી પર આવે છે. આ માદા કાચબા સપ્ટેમ્બર થી લઈ એપ્રિલ સુધીમાં ઈંડા મુકવા ધરતી પર આવે છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઓખાથી લઈ હર્ષદ સુધીના દરિયા કાંઠાના વિસ્તારમાં માદા કાચબા ઈંડા મુકવા આવે છે.

તેઓ દરિયાકાંઠે રેતીમાં ખાડો ખોદી તેમાં ૮૦ થી ૧૬૦ ઈંડા મુકી ફરીથી તેઓ રેતીથી ઢાંકી દે છે. આ ઈંડાને સુરક્ષીત રાખવા માટે તેને વન વિભાગના કર્મચારીઓ ઓખાથી લઈ હર્ષદ સુધી દરરોજ સવારે આવા દરિયાઈ વિસ્તારની રેતીને ફંફોળીને ખાડામાંથી સલામતી સાથે ઈંડાને એક પાત્રમાં ભરીને કાચબા ઉછેર કેન્દ્ર ઓખામઢી તેમજ કાચબા ઉછેર કેન્દ્ર નાવદ્રા ખાતે તૈયાર કરવામાં આવેલી હેચરી ખાતે પહોંચાડે છે. અને જ્યાં કૃત્રિમ માળામાં આ ઈંડાને ૪૫ થી ૬૦ દિવસ સુધી રાખવામાં આવે છે. લીલા કાચબાના ઈંડાને હેચિંગ કરવાની ખાસ જરૂર રહેતી નથી તેમને હેચિંગ સેન્ટર ખાતેની રેતીમાં રહેલા ભેજને કારણે તેનું હેચિંગ થતું હોય છે.

વર્ષ ૨૦૨૪- ૨૫ ની અંદર કુલ ૮૩ માળા લાવવામાં આવ્યા છે. જેમાં ૭૮૯૧ ઈંડા લાવવામાં આવ્યા છે. જેમાંથી ૬ હજાર જેટલા બચ્ચાને દરિયામાં છોડવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૨થી આજ સુધીમાં કુલ ૧ લાખ ૬૦૦ ઈંડા લાવવામાં આવ્યા છે. જેમાંથી અંદાજિત ૮૦ હજાર જેટલા બચ્ચાને દરિયામાં છોડવામાં આવ્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



રાજસ્થાનના બિકાનેર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા બિકાનેર-મુંબઈ એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી આપીને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુન:વિકસિત દેશનોક રેલ્વે સ્ટેશનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

### જાપાનની અમેરિકા ખાતે નિકાસ એપ્રિલમાં ઘટી

# બ્રિટનમાં ફુગાવાનો દર એપ્રિલમાં ૩.૫% : સવા વર્ષમાં સૌથી વધુ

## વીજળી-પાણીના બિલ વધતા ઓક્ટોબર-૨૦૨૨ પછીથી સૌથી વધારે પ્રમાણમાં મોંઘવારી વધી

। (એજન્સી) લંડન, તા.૨૨ ।

બ્રિટનમાં એપ્રિલ મહિનામાં ફુગાવાનો દર વધીને ૩.૫ ટકા થયો હતો, જે માર્ચમાં ૨.૬ ટકા હતો. છેલ્લાં સવા વર્ષમાં આ દર સૌથી વધારે છે. નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસે બુધવારે આ ડેટા જાહેર કર્યા હતા. સ્થાનિક સ્તર પર ઉર્જા અને પાણીના બિલમાં વધારાને પગલે ફુગાવો વધ્યો હતો. કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ આધારીત ફુગાવાનો દર એપ્રિલમાં ૩.૫ ટકા રહ્યો હતો. જાન્યુઆરી - ૨૦૨૪ પછીથી એપ્રિલનો ફુગાવાનો દર સૌથી વધારે છે. અર્થશાસ્ત્રીઓએ ફુગાવાનો દર ૩.૩ ટકા રહેશે તેવો અંદાજ આપ્યો હતો જેના કરતાં




પણ વાસ્તવિક ફુગાવો વધારે રહ્યો છે. વળી, જે પ્રમાણમાં ફુગાવો વધ્યો છે તે ઓક્ટોબર-૨૦૨૨ પછીથી સૌથી વધારે છે. ૨૦૨૨માં યુક્રેન-રશિયા યુદ્ધને કારણે એનર્જી પ્રાઈસીસ ખાસ્સા ઊંચા હતા. વીજળી અને પાણી મોંઘા થતા દરેક ઘરનું બિલ વધ્યું હતું અને તેને કારણે ફુગાવો વધ્યો હતો. આ ઉપરાંત કંપનીઓ પર ઊંચા ટેક્સની અસર પણ જોવાઈ હતી અને લઘુતમ વેતનમાં નોંધપાત્ર વધારાની અસર પણ જોવાઈ હતી. મહત્વની વાત એ છે કે એપ્રિલના ફુગાવાને પગલે હવે સમગ્ર વર્ષ એટલે કે ડિસેમ્બર સુધી રિટેલ ફુગાવાનો દર ૩ ટકાથી વધુ જ રહેશે તેવું અર્થશાસ્ત્રીઓ માની રહ્યા છે. આવા સંજોગોમાં નજીકના ગાળામાં બેન્ક ઓફ ઈંગ્લેન્ડ દ્વારા વ્યાજના દરમાં હવે વધુ ઘટાડાની સંભાવના ઘટી ગઈ છે. બેન્ક ઓફ ઈંગ્લેન્ડનો ફુગાવાનો ટારગેટ ૨ ટકા છે, જે હવે મુશ્કેલ બનવા લાગ્યો છે. બેન્ક ઓફ ઈંગ્લેન્ડના ચીફ ઈકોનોમિસ્ટ હ્યુવ પિલે કહ્યું હતું કે વ્યાજના દર વધારે ઝડપથી ઘટાડવામાં આવ્યા જેને કારણે ફુગાવાની સમસ્યા સર્જાઈ છે.

## બાઉન્સર શબ્દ સાંભળતા જનમાનસમાં ચિંતા અને આતંક ફેલાય છેઃ હાઈકોર્ટ

। (એજન્સી) ચંદીગઢ, તા.૨૨ ।

ખાનગી સિક્યુરિટી એજન્સી દ્વારા પોતાના કામદારો માટે બાઉન્સર શબ્દનો ઉપયોગ કરવા બદલ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે ચિંતા વ્યક્ત કરી છે. હાઈકોર્ટે નોંધ્યું હતું કે, બાઉન્સર શબ્દનો હેતુ જનમાનસમાં ભય, વ્યગ્રતા અને આતંક ફેલાવવાનો છે. આ પ્રકારના કૃત્યને સભ્ય સામાજિક માળખામાં સહન કરી શકાય નહીં. કોર્ટે નોંધ્યુ હતું કે, સિક્યુરિટી એજન્સી અથવા સિક્યુરિટી ગાર્ડની સેવા લેવાનો પ્રાથમિક હેતુ સલામતી અને સન્માનજનક મોકળાશ મેળવવાનો હોય છે. જો કે આવા સંચાલકો અથવા કામદારો પોતાની જાતને અધિક બંધારણીય સત્તા સમજવા માંડે ત્યારે ખરાબ વર્તન કરે છે અને બળનો ઉપયોગ કરે છે, જેનાથી સમાજમાં ઊંડી ચિંતાનો માહોલ ઊભો થાય છે. ખાનગી સિક્યુરિટી એજન્સી ચલાવતા વ્યક્તિની આગોતરા જામીન અરજીની સુનાવણી દરમિયાન જસ્ટિસ અનૂપ ચિત્કારાએ નોંધ્યુ હતું કે, અરજદારે સિક્યુરિટી એજન્સીના નામે બાઉન્સર શબ્દનો ઉપયોગ કર્યો હતો. બાઉન્સર્સ ખૂબ સરળતાથી આક્રમકતા અને ઘર્ષણનો હથિયાર તરીકે ઉપયોગ કરે છે, જેના કારણે નાગરિકોની ગરિમાનો ભંગ થાય છે અને અપમાનજનક વર્તનનો ભોગ બને છે. બાઉન્સર્સ પોતાની જાતને કાયદાથી પર માનતા હોય તે પ્રકારનું વર્તન કરતા હોય છે. બાઉન્સર શબ્દનો ઉપયોગ કયા અર્થમાં થાય છે. તે અંગે સરકાર પણ વાકેફ છે. આસપાસમાં પોતાનું વજન વધારવા અને પ્રભાવ દર્શાવવા માટે સિક્યુરિટી એજન્સી દ્વારા આ શબ્દનો ઉપયોગ થાય છે.

## દિગ્ગજ ક્રિકેટરના પુત્રને પસંદગીકારોએ આપી તક

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

આઈપીએલ બાદ ભારતીય ટીમ પાંચ મેચની ટેસ્ટ સિરીઝ રમવા ઈંગ્લેન્ડના પ્રવાસે થશે. પ્રથમ ટેસ્ટ મેચ ૨૦ જૂને રમાશે. આ પહેલા ઈન્ડિયા એ અને ઈંગ્લેન્ડ લાયન્સ વચ્ચે ૩૦ મેથી બે ચાર દિવસીય મેચ રમાવાની છે. આ પહેલા ઈંગ્લેન્ડ લાયન્સે મોટો દાવ રમ્યો છે. પસંદગીકારોએ એક દિગ્ગજ ક્રિકેટરના પુત્રની ઈંગ્લેન્ડ લાયન્સ માટે પસંદગી કરી છે. આ ક્રિકેટર પોતાના પિતાની જેમ ખતરનાક છે. ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર એન્ડ્રૂ ફ્લિન્ટોફના પુત્ર રોકી ફ્લિન્ટોફને ઈન્ડિયા એ સામેની બે ચાર દિવસીય મેચ માટે ઈંગ્લેન્ડ લાયન્સ ટીમમાં પસંદ કરવામાં આવ્યો છે. રોકી ફ્લિન્ટોફ તેના પિતા એન્ડ્રૂ ફ્લિન્ટોફની જેમ ક્રિકેટના મેદાન પર ખૂબ જ ખતરનાક છે. આ વર્ષે જાન્યુઆરીમાં ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર ઈંગ્લેન્ડ લાયન્સ માટે ટૂર મેચ રમતી વખતે રોકી ફ્લિન્ટોફે ૧૦/ રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી. ૯મા નંબર પર બેટિંગ કરી રહેલા રોકી ફ્લિન્ટોફે ૯ ચોગ્ગા અને ૬ છગ્ગા ફટકાર્યા. ઈંગ્લેન્ડ લાયન્સે ઈન્ડિયા-એ વિરુદ્ધ ૩૦ મેથી કેન્ટરબરીમાં શરૂ થઈ રહેલ બે ચાર દિવસીય મેચ માટે પોતાની ૧૪ સભ્યોની ટીમની જાહેરાત કરી છે. આ ટીમમાં અનુભવી અને યુવા ખેલાડીઓ સામેલ છે. સૌથી ચર્ચિત નામ રોકી ફ્લિન્ટોફનું છે. રોકી એન્ડ્રૂ ફ્લિન્ટોફનો પુત્ર છે. રોકીમાં તેના પિતાની છબી જોવા મળે છે. તે ૧૭ વર્ષનો છે અને લેક્રેશાયર કાઉન્ટી ક્રિકેટ ક્લબ માટે રમે છે. રોકી ફ્લિન્ટોફ જમણા હાથનો બેટ્સમેન અને જમણા હાથનો મધ્યમ ગતિનો બોલર છે. રોકી ફ્લિન્ટોફ લેક્રેશાયર માટે રમનાર સૌથી યુવા ખેલાડી પણ છે. રોકી ફ્લિન્ટોફ ઈંગ્લેન્ડની અંડર-૧૯ ટીમ માટે સદી ફટકારનાર સૌથી યુવા ખેલાડી છે. રોકી ફ્લિન્ટોફે ૫ ફર્સ્ટ ક્લાસ મેચ રમી છે, જેમાં તેણે ૧૩૭ રન બનાવ્યા છે. આ યુવા ક્રિકેટરે ૭ લિસ્ટ-એ મેચોમાં ૧૬૭ રન બનાવ્યા છે. રોકી ફ્લિન્ટોફે જૂન ૨૦૨૪ માં લેક્રેશાયર સાથે કરાર કર્યો હતો.

### વિમાનનો આગળનો ભાગ તૂટી ગયો

# દિલ્હીથી શ્રીનગર જઈ રહેલી ફ્લાઈટમાં વીજળી પડતાં ઈમરજન્સી લેન્ડિંગ કરાયું

### દિલ્હીથી શ્રીનગર જતી ઇન્ડિગોની ફ્લાઇટ ખરાબ હવામાનને કારણે ગંભીર તોફાન અને વીજળીનો ભોગ બની

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

દિલ્હીથી શ્રીનગર જતી ઈન્ડિગોની ફ્લાઈટ 6E-2142 માં આજે ખરાબ હવામાન વચ્ચે ભારે તોફાન અને વીજળીનો સામનો કરવો પડ્યો ત્યારે અંધાધૂંધી મચી ગઈ. આ ઘટના ત્યારે બની જ્યારે ફ્લાઈટ શ્રીનગર ઉપરથી પસાર થઈ રહી હતી અને ભારે વરસાદ અને કરા સાથે ભારે પવન ફૂંકાઈ રહ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિમાનમાં સવાર તમામ 227 મુસાફરો અને ક્રૂ સભ્યો સુરક્ષિત છે, અને ફ્લાઈટનું શ્રીનગર એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું.



પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ખરાબ હવામાનમાંથી પસાર થઈ રહ્યું હતું ત્યારે વિમાનને અચાનક જોરદાર ધ્રુજારીનો અનુભવ થયો. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા વીડિયોમાં મુસાફરોમાં ગભરાટ અને અસ્થિરતાની સ્થિતિ જોઈ શકાય છે. ઈન્ડિગોએ એક નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે ટેકનિકલ નિરીક્ષણ માટે વિમાનને અસ્થાયી રૂપે ગ્રાઉન્ડેડ કરવામાં આવ્યું છે અને તમામ મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરવામાં આવી છે. આ ઘટના અંગે ઈન્ડિગોએ એક સત્તાવાર નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે, "દિલ્હીથી શ્રીનગર જતી ઈન્ડિગોની ફ્લાઈટ 6E-2142 પર અચાનક કરા પડવા લાગ્યા. ફ્લાઈટ અને કેબિન ક્રૂએ સ્થાપિત પ્રોટોકોલનું પાલન કર્યું અને વિમાનને શ્રીનગરમાં સુરક્ષિત રીતે ઉતારવામાં આવ્યું. વિમાનના આગમન પછી, એરપોર્ટ ટીમે ગ્રાહકોની સંભાળ રાખી અને તેમની સુખાકારી અને આરામને પ્રાથમિકતા આપી. જરૂરી નિરીક્ષણ અને જાળવણી પછી વિમાનને છોડી દેવામાં આવશે." આ ઘટના સાથે, દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ અને રાજસ્થાન સહિત ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં હવામાન અચાનક બદલાઈ ગયું છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, આ વિસ્તારોમાં ભારે પવન, વાવાઝોડા અને હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. દિવસભરની ગરમી બાદ, દિલ્હીમાં ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો અને સાંજે વરસાદ પડ્યો, જેના કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો.

### ૨ ઇઝરાયલી નાગરિકોના મોત નિપજ્યા

## વોશિંગ્ટનમાં યહૂદી સંગ્રહાલયની બહાર ભીષણ ગોળીબાર કરાયો

। (એજન્સી) વોશિંગટન, તા.૨૨ ।

અમેરિકાના વોશિંગટન ડીસીમાં બે ઈઝરાયલી નાગરિકોની હત્યા કરવામાં આવી છે. વોશિંગટન ડીસીમાં યહૂદી સંગ્રહાલયની બહાર ભીષણ ગોળીબારી થઈ છે. પોલીસે હુમલો કરનારની ધરપકડ કરી છે. તેની ધરપકડ દરમિયાન ફિલિસ્તીનને લઈને નારા લગાવ્યા હતા. આ મામલા પર ઈઝરાયલ દૂતાવાસની પ્રતિક્રિયા સામે આવી છે. તે પ્રમાણે ગોળીબારીમાં દૂતાવાસના બે અધિકારીઓના મોત થયા છે. ન્યૂઝ એજન્સી બીએનઓ પ્રમાણે વોશિંગટન ડીસીમાં ભીષણ ગોળીબારી થઈ છે. આ ઘટના રાત્રે આશરે ૯.૧૫ કલાકની છે. ઘટનાની જાણકારી મળતા પોલીસ તત્કાલ ઘટનાસ્થળે પહોંચી હતી. હુમલામાં એક મહિલા અને એક પુરૂષના મોતના સમાચાર છે. હુમલામાં માર્યા ગયેલા બંને લોકો ઈઝરાયલી રાજદ્વારી હતા. સંયુક્ત



રાષ્ટ્રમાં ઈઝરાયલના રાજદૂત ડેની ડેનને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ શેર કરી છે. તેમણે લખ્યુ- ઘાતક ગોળીબારીમાં ઈઝરાયલી દૂતાવાસના કર્મચારી ઈજાગ્રસ્ત થયા છે. ડેનને તેને યહૂદી વિરોધી આતંકવાદનું ધૃણિત કૃત્ય ગણાવ્યું છે. આ મામલામાં એટોર્ની જનરલ પામેલા બોંડીએ પ્રતિક્રિયા આપી છે. તેમણે એક્સ પર પોસ્ટ શેર કરતા દુખ વ્યક્ત કર્યુ છે. "વોશિંગ્ટનમાં કેપિટોલ યહૂદી સંગ્રહાલય નજીક ઈઝરાયલી દૂતાવાસના બે કર્મચારીઓને નજીકથી ગોળી મારી દેવામાં આવી હતી."

### ૨૦મી જૂનથી લીડઝ ખાતે ટેસ્ટ રમાશે

## ઇંગ્લેન્ડ પ્રવાસ ભારત માટે કપરો બની રહેવાનો છેઃ વિક્રમ રાઠોર

। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કોચ વિક્રમ રાઠોરના મતે ભારતીય ટીમનો આગામી ઈંગ્લેન્ડ પ્રવાસ કપરો બની રહેવાનો છે અને તેમાંય ટીમ ત્રણ દિગ્ગજ વિના જ આ વખતે અંગ્રેજ ધરતી પર ટેસ્ટ સિરીઝ રમવાની છે. ભારત છેલ્લે ટેસ્ટ સિરીઝ રમ્યું તેમાંથી આ વખતે વિરાટ કોહલી, રોહિત શર્મા અને રવિચંદ્રન અશ્વિન ટીમમાં રમવાના નથી કેમ કે તેઓ નિવૃત્ત થઈ ગયા છે. ભારતીય ટીમ છેલ્લે ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ મેચ રમી હતી અને તે જ સિરીઝ દરમિયાન અશ્વિને નિવૃત્તિ જાહેર કરી હતી તો તાજેતરમાં જ કોહલી અને રોહિતે આ નિર્ણય લીધો છે. આમ ભારતને આગામી પ્રવાસ માટે નવો સુકાની અને આ ત્રણની જગ્યા ભરી શકે તેવા ખેલાડીની જરૂર પડશે. નવા સુકાનીના સ્થાન માટે શુભમન



ગિલ અને જસપ્રિત બુમરાહ મુખ્ય દાવેદાર છે. ૨૦મી જૂનથી લીડઝ ખાતે રમાનારી ટેસ્ટ સાથે પાંચ મેચની સિરીઝ ઉપરાંત નવી ટેસ્ટ વર્લ્ડ ચેમ્પિયનશિપ સાઈકલનો પણ પ્રારંભ થશે. હાલમાં આઈપીએલમાં રાજસ્થાન રોયલ્સના કોચિંગ સ્ટાફમાં રહેલા વિક્રમ રાઠોરે જણાવ્યું હતુ કે આ પ્રવાસ કપરો રહેશે. સિનિયર્સની નિવૃત્તિ બાદ આ સિરીઝ આસાન નહીં રહે. આમ હવે ભારત યુવાન ટીમ સાથે રમવાનું છે. તેમાંય ટીમ પાસે નવો સુકાની હશે. આ તમામ પરિબળોની પ્રદર્શન પર અસર પડશે.

### પૂર્વ રાજ્ય સભા સાંસદ ડો. સુભાષ ચંદ્રાએ કહ્યું

## આતંકવાદ માટે માત્ર વિચારધારા જ જવાબદાર નથી, રૂપિયા-પાઇરેસીની પણ મુખ્ય ભૂમિકા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

રાજ્યસભાના ભૂતપૂર્વ સાંસદ ડો. સુભાષ ચંદ્રાએ પાઈરેસીને દેશ અને સમાજ માટે ખતરનાક ગણાવી છે. ભૂતપૂર્વ રાજ્યસભા સાંસદ ડો. ચંદ્રાએ તેમના એક્સ એકાઉન્ટ પર એક પોસ્ટમાં લખ્યું કે, 'આતંકવાદી નેટવર્ક ફક્ત વિચારધારા પર ટકી શકતા નથી, તેઓ પૈસા પર ટકી રહે છે અને પાઈરેટેડ સામગ્રી તેમના સૌથી શાંત સ્ત્રોતોમાંનો એક છે. પાઈરેસીથી દેશને ભારે નુકસાન થઈ રહ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર પાઈરેસીનું બ્લેક માર્કેટ હજારો કરોડ રૂપિયાનું છે. તાજેતરના મીડિયા રિપોર્ટ અનુસાર, દેશમાં ૨૨,૪૦૦ કરોડ રૂપિયાના ફિલ્મ લીક કૌભાંડનો પર્દાફાશ થયો છે. એક ચિંતાજનક ઘટનાક્રમમાં રેડ ૨, સિકંદર અને જાટ જેવી મોટી હિન્દી ફિલ્મો તેમના થિયેટરમાં રિલીઝ થવાના એક દિવસ પહેલા ઓનલાઈન લીક થઈ ગઈ હોવાનું બહાર આવ્યું છે. જો કે, આ રીતે ફિલ્મો લીક થવી એ આ ઈન્ડસ્ટ્રીના આંતરિક લોકોની સંડોવણી તરફ ઈશારો કરે છે. પાઈરેસી દ્વારા કમાયેલા રૂપિયાનો ઉપયોગ આતંકવાદ ફેલાવવા માટે થઈ શકે છે. મીડિયા પાર્ટનર્સ એશિયાના વિશ્લેષણ અનુસાર વૈશ્વિક સ્તર પર ભારત ૯૦.૩ મિલિયનથી વધુ યુઝર્સ સાથે ઓનલાઈન વીડિયો પાઈરેસી બજારમાં સૌથી ઉપર એટલે કે પ્રથમ સ્થાન પર છે, ત્યારબાદ ઈન્ડોનેશિયા (૪૭.૫ મિલિયન) અને ફિલિપાઈન્સ (૩૧.૧ મિલિયન)નો નંબર આવે છે. પાઈરેસીનું નુકસાન માત્ર ઈન્ટરટેનમેન્ટ ઈન્ડસ્ટ્રીને જ નથી થતું, પરંતુ સમગ્ર દેશને નુકસાન પહોંચાડે છે. ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલ મુજબ મે ૨૦૨૫માં તેમના નિર્ધારિત સિનેમા પ્રીમિયરના એક દિવસ પહેલા જ ઘણી ફિલ્મો લીક થઈ ગઈ હતી. જ્યારે EY-IAMAI એન્ટી-પાઈરેસી સ્ટડી ૨૦૨૪ ઉર્ફે ધ રોબ રિપોર્ટ અનુસાર છેલ્લા ઘણા વર્ષોથી એક મોટું કૌભાંડ ચાલી રહ્યું છે. આ શરૂઆતના લીકેજ, જે રિલીઝ પછીની સામાન્ય પાઈરેસીથી અલગ છે, તેણે ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં ગંભીર ચિંતા પેદા કરી દીધી છે. EY-IAMAI અનુસાર અને ET દ્વારા કરવામાં આવેલા ખુલાસા મુજબ ભારતીય મીડિયા ઉદ્યોગને ૨૦૨૩માં પાઈરેસીને કારણે ભારે નુકસાન થયું હતું. દુઃખદ વાત એ છે કે સરકાર અને પોલીસની બધી કાર્યવાહી અપૂરતી છે.




રાજસ્થાનના બિકાનેરમાં કરણી માતા મંદિરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દર્શન અને પૂજા કરી.

## દિલ્હી કેપિટલ્સને હરાવીને મુંબઈ ઇન્ડિયન્સનો પ્લે ઓફમાં પ્રવેશ

। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।

પાંચ વખતના ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે બુધવારે બેટિંગ અને બોલિંગમાં શાનદાર પ્રદર્શન કરીને અત્યંત મહત્વની મેચમાં દિલ્હી કેપિટલ્સને ૫૯ રનથી હરાવીને ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૨૦૨૫ની સિઝનમાં પ્લે ઓફ માટે ક્વોલિફાઈ કરી લીધું હતું. આ સાથે સિઝનમાં ઉમદા દેખાવ કરનારી દિલ્હી કેપિટલ્સની ટીમ પ્લે ઓફની રેસમાંથી બહાર થઈ ગઈ હતી. અહીંના વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે તેની ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૮૦ રન કર્યા હતા જેના જવાબમાં દિલ્હી કેપિટલ્સ ૧૮.૨ ઓવરમાં ૧૨૧ રન કરી શક્યું હતું. ૧૮૧ રનના ટારગેટ સામે રમતાં દિલ્હી કેપિટલ્સે શરૂઆતમાં જ કે એલ રાહુલ (૧૧), ફાફ ડુ પ્લેસિસ (૦૬) અને અભિષેક પોરેલ (૦૬)ની વિકેટ ગુમાવી દીધી હતી. સમીર રિઝવી અને આશુતોષ શર્માએ મળીને પાંચ વિકેટે ૬૫ રનના સ્કોરથી ટીમને ૧૦૩ સુધી પહોંચાડી ત્યાં સુધી દિલ્હી લડાયક સ્થિતિમાં હતું પરંતુ આ તબક્કે મિચેલ સેન્ટનર એક ઓવરમાં બે વાર ત્રાટક્યો હતો. તેણે સમીર રિઝવીને અને આશુતોષ શર્માને ત્રણ બોલના અંતરમાં આઉટ કરી દીધા હતા. સમીર રિઝવીએ ૩૫ બોલમાં ૩૯ અને આશુતોષે ૧૬ બોલમાં ૧૮ રન ફટકાર્યા હતા. સેન્ટરે તેની ચાર ઓવરમાં ૧૧ રન આપીને ત્રણ વિકેટ લીધી હતી. જસપ્રિત બુમરાહે ૧૨ રન આપીને ત્રણ વિકેટ લીધી હતી.

# તંત્રી લેખ...

## ચીને બનાવી ખતરનાક 'JY-27V' રડાર સિસ્ટમ

ચીને સંરક્ષણ ક્ષેત્રે વધુ એક મોટી સફળતા હાંસલ કરી લીધી છે. અત્યાર સુધી ચીન પાસે એકપણ મોસ્ટ એડવાન્સ્ડ રડાર સિસ્ટમ ન હોવાના કારણે તેની સેના નબળી હતી, જોકે હવે તેણે 'JY-27V' નામની રડાર સિસ્ટમ બનાવી વિશ્વભરને ચોંકાવી દીધા છે. એવું કહેવાય છે કે, આ રડાર સિસ્ટમ અમેરિકાના ફાઈજેટ એફ-૨૨ અને એફ-૩૫ને સરળતાથી પળવારમાં ઓળખી શકે, તેવી રીતે ડિઝાઈન કરાઈ છે. અનહુઈ પ્રાંતમાં ડિફેન્સ એક્સ્પોમાં જોવા મળેલા 'JY-27V' રડાર સિસ્ટમની ખાસીયતોનો પણ ચીને ખુલાસો કર્યો છે. ચીને કહ્યું છે કે, આ એક ટ્રક-માઉન્ટેડ સિસ્ટમ એટલે કે ટ્રકમાં સરળતાથી બીજા સ્થળે પહોંચાડી શકાય, તેવી સિસ્ટમ છે અને તેને ચીનની સરકારી માલિકીની કંપની ચાઈના ઈલેક્ટ્રોનિક્સ ટેકનોલોજી ગ્રુપ કોર્પોરેશન (CETC) બનાવી છે. ચીને દાવો કર્યો છે કે, 'JY-27V' રડારમાં સ્ટીલ્થ ફાઈટર જેટ્સને ટ્રેક કરવાની ક્ષમતા હોવાથી દુશ્મન તરફથી આવતા કોઈપણ હુમલાને તુરંત રોકવાની ક્ષમતા ધરાવે છે. રડારમાં હાઈ ફ્રીક્વન્સી રેડિયો તરંગોને તાત્કાલીક પરખવાની ક્ષમતા હોવાથી સામેથી આવતી કોઈપણ મિસાઈલ કે ડ્રોનને સરળતાથી પારખી તેને નષ્ટ કરવાની ક્ષમતા ધરાવે છે. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના રિપોર્ટમાં કહેવાયું છે કે, 'ચીને અત્યાધુનિક મોસ્ટ એડવાન્સ્ડ 'JY-27V' રડાર સિસ્ટમ બનાવી દીધી છે અને હવે ચીન સિસ્ટમને તાઈવાન સ્ટ્રેટ જેવા વિવાદિત વિસ્તારમાં અમેરિકન ફાઈટ જેટ્સને ટ્રેક કરવા માટે તહેનાત કરવાની યોજના પર કામ કરી રહ્યું છે.' રિપોર્ટમાં અમેરિકાનું નામ લીધા વગર એવું પણ કહેવાયું છે કે, 'હવે સ્ટીલ્થ ટેકનોલોજીને પકડી પાડતી રડાર સિસ્ટમ તૈયાર ગઈ ગઈ છે, તેથી આધુનિક યુદ્ધમાં સ્ટીલ્થ ફાઈટર જેટ્સના ભવિષ્ય પર સવાલ ઉઠી રહ્યા છે.'

## પ્રધાનમંત્રી મોદીએ રાજસ્થાનના બિકાનેરમાં ૨૬,૦૦૦ કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરી શુભારંભ કરાવ્યો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજસ્થાનના બિકાનેરમાં ૨૬,૦૦૦ કરોડ રૂપિયાના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન, શિલાન્યાસ અને રાષ્ટ્રને સમર્પિત કર્યું. આ પ્રસંગે સંબોધન કરતા તેમણે કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને આવકાર્યા અને ૧૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના લોકોનો ઓનલાઈન ભાગ લેવા બદલ આભાર માન્યો હતો. તેમણે રાજ્યપાલો, મુખ્યમંત્રીઓ, ઉપરાજ્યપાલો અને અન્ય જનપ્રતિનિધિઓની ઉપસ્થિતિ પર પ્રકાશ પાડ્યો હતો. પ્રધાનમંત્રીએ દેશભરના તમામ આદરણીય મહાનુભાવો અને નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી હતી. મોદીએ કહ્યું કે તેઓ કરણી માતાના આશીર્વાદ લીધા પછી કાર્યક્રમમાં પહોંચ્યા છે. તેમણે ભાર મૂક્યો કે આ આશીર્વાદ વિકસિત ભારતનું નિર્માણ કરવાના રાષ્ટ્રના સંકલ્પને વધુ મજબૂત બનાવે છે. ૨૬,૦૦૦ કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સના ઉદ્ઘાટન અને શિલાન્યાસનો ઉલ્લેખ કરતા, તેમણે દેશના વિકાસને આગળ વધારવામાં તેમના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે આ પરિવર્તનશીલ પહેલો માટે નાગરિકોને અભિનંદન આપ્યા હતા. ભારતના માળખાગત સુવિધાઓમાં થઈ રહેલા ફેર-ફારો પર પ્રકાશ પાડતા અને આધુનિકીકરણ પ્રત્યે રાષ્ટ્રની પ્રતિબદ્ધતા પર ભાર મૂકતા પ્રધાનમંત્રીએ છેલ્લા ૧૧ વર્ષમાં રસ્તાઓ, એરપોર્ટ, રેલવે અને રેલવે સ્ટેશનોમાં થયેલી ઝડપી પ્રગતિ તરફ ધ્યાન દોર્યું હતું. "ભારત હવે પાછલા વર્ષો કરતાં માળખાગત વિકાસમાં છ ગણું વધુ રોકાણ કરી રહ્યું છે, એક એવી પ્રગતિ જેણે વૈશ્વિક ધ્યાન ખેંચ્યું છે", એમ પ્રધાનમંત્રીએ સમગ્ર દેશમાં પ્રતિષ્ઠિત માળખાગત પ્રોજેક્ટ્સ તરફ ધ્યાન દોરતા કહ્યું, જેમાં ઉત્તરમાં નોંધપાત્ર ચેનાબ પુલ, અરુણાચલ પ્રદેશમાં સેલા ટનલ અને પૂર્વમાં આસામમાં બોગીબીલ પુલનો સમાવેશ થાય છે. પશ્ચિમ ભારતમાં તેમણે મુંબઈમાં અટલ સેતુનો ઉલ્લેખ કર્યો, જ્યારે દક્ષિણમાં તેમણે ભારતના પ્રથમ પંબન પુલનો ઉલ્લેખ કર્યો હતો. ભારતના રેલવે નેટવર્કને આધુનિક બનાવવાના સતત પ્રયાસો પર ભાર મૂકતા શ્રી મોદીએ દેશની નવી ગતિ અને પ્રગતિના પ્રતીક તરીકે વંદે ભારત, અમૃત ભારત અને નમો ભારત ટ્રેનોની રજૂઆત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે વંદે ભારત ટ્રેનો હવે લગભગ ૭૦ રૂટ પર દોડી રહી છે, જે દૂરના વિસ્તારોમાં આધુનિક રેલ કનેક્ટિવિટી લાવી રહી છે. તેમણે છેલ્લા ૧૧ વર્ષમાં થયેલી નોંધપાત્ર માળખાગત પ્રગતિ તરફ પણ ધ્યાન દોર્યું હતું. જેમાં સેંકડો રોડ ઓવરબ્રિજ અને અંડરબ્રિજનું નિર્માણ તેમજ ૩૪,૦૦૦ કિલોમીટરથી વધુ નવા રેલવે ટ્રેક નાખવાનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે બ્રોડગેજ લાઈનો પર માનવરહિત લેવલ ક્રોસિંગ નાબૂદ કરવામાં આવ્યા છે, જેના કારણે સલામતીમાં વધારો થયો છે. શ્રી મોદીએ માલ પરિવહનને સુવ્યવસ્થિત કરવા માટે સમર્પિત માલ કોરિડોરના ઝડપી વિકાસ અને ભારતના પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ચાલી રહેલા બાંધકામ પર પણ પ્રકાશ પાડ્યો હતો. આ પ્રયાસો સાથે મુસાફરોના અનુભવને સુધારવા માટે ૧,૩૦૦થી વધુ રેલવે સ્ટેશનોનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે. પ્રધાનમંત્રીએ એ વાત પર ભાર મૂક્યો કે, આધુનિક રેલવે સ્ટેશનોને અમૃત ભારત સ્ટેશન નામ આપવામાં આવ્યું છે અને આવા ૧૦૦થી વધુ સ્ટેશનોનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે. તેમણે કહ્યું કે સોશિયલ મીડિયા વપરાશકર્તાઓએ આ સ્ટેશનોના અદ્ભુત પરિવર્તનની નોંધ લીધી છે. જે સ્થાનિક કલા અને ઈતિહાસના પ્રદર્શન તરીકે સેવા આપે છે. તેમણે રાજસ્થાનના માંડલગઢ સ્ટેશન જે રાજપૂત પરંપરાઓની ભવ્યતાને પ્રતિબિંબિત કરે છે અને બિહારમાં થાવે સ્ટેશન જે મધુબની કલાકૃતિ સાથે મા થાવેવાલીની પવિત્ર હાજરીને પ્રતિબિંબિત કરે છે. મધ્યપ્રદેશનું ઓરછા રેલવે સ્ટેશન ભગવાન રામના દૈવી સારને પ્રતિબિંબિત કરે છે, જ્યારે શ્રીરંગમ સ્ટેશનની ડિઝાઈન શ્રી રંગનાથ સ્વામી મંદિરમાંથી પ્રેરણા લે છે. ગુજરાતનું ડાકોર સ્ટેશન રણછોડરાયજીને પુષ્પાંજલિ અર્પે છે, તિરુવન્નામલાઈ સ્ટેશન દ્રવિડ સ્થાપત્ય સિદ્ધાંતોનું પાલન કરે છે અને બેગમ પેટ સ્ટેશન કાકટિયા રાજવંશના સ્થાપત્ય વારસાને મૂર્ત સ્વરૂપ આપે છે.

**તુલસીદાસજીએ દરેકે દરેક સોપાનમાં આંતરિક ગુણને મિત્ર બનાવીને જીવનને અડીખમ ઊભું કે ટટ્ટાર રાખવાની વાત કરી છે**

# એવું લાગે કે આપણી સંસ્કૃતિમાં "સંયુક્ત કુટુંબ પ્રથાની જે પરંપરા હતી, એ બહુ સારી હતી



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**દુનિયાનાં ગમે તે છેડે જાઓ ગમે તેટલાં સ્વતંત્ર રહો, ગમે તેટલા સુખી હોય, કે ગમે તેટલાં શિક્ષિત હોય પણ, સમય સંજોગ સંબંધ અને પોતાના સ્વભાવની આસપાસ જ દરેકના જીવન પરિક્રમા કરતા હોય છે, અને એ આપણાં સંસારીઓની સૌથી મોટી લાક્ષણિકતા છે.**

આપનાં શ્રીચરણોમાં અમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શનિવાર માટે નવી કથાનાં સંકલન માટે માનસ સેવાયજ્ઞ લખવાનું નક્કી કર્યું, કારણકે બહુ સ્વાભાવિક રીતે જ સમાજમાં ઘણું બધું સારું થઈ રહ્યું છે, ધર્મને નામે પણ થાય છે, અને દાન પણ સારું એવું થતું આપણે જાણવા મળે છે, પરંતુ માનવી માંથી સેવાનો ભાવ ઘટતો જાય છે, અને એટલે જ પરિવાર તૂટતાં જાય છે. માનવી સુખ માટે રુપિયા પાછળ ગમે તેટલું દોડે , પણ જીવનને હર્યુંભર્યું અને રંગીન બનાવવા માટે માત્ર સુખ અથવા ભોગ વિલાસ કે સાધનનું હોવું પર્યાપ્ત નથી, સુખ દુ:ખ કોઈ સાથે વહેંચી શકાય, એવા સબંધો પણ બહુ જરૂરી છે! અને એટલે જ ભારતીય સંસ્કૃતિમાં સંયુક્ત કુટુંબ પ્રથાને નામે બહુ મહત્વની પ્રણાલી કે પરંપરા હતી! એ બહુ સારી હતી! કારણકે કે એકલતા અથવા સ્વતંત્રતા એ બે પરિબળ ડિપ્રેશન માટેનાં છે, પરંતુ દેશ કાળ પ્રમાણે એ બધું તૂટતું ગયું, અને માનવીએ મને કમને સ્વીકારવું પણ રહ્યું, કારણકે સમયની માંગ છે. શિક્ષણનો વ્યાપ વધ્યો અને માતા પિતાની માનસિકતા પણ બદલાતી ગઈ, કે પાંખ આવે એટલે પંખી પોતાનો નવો માળો કરે તો, એ કંઈ ખોટું નથી, પરંતુ વાર તહેવારે જે ખુશી પરિવારજનો સાથે વહેંચવાથી મળતી હતી! એમાં ઓટ ચોક્કસ આવી ગઈ. પરિવારો તૂટતા જવાબદારીઓ એક બાજુ વધી ગઈ, તો બીજી બાજુ ઓછી થતી ગઈ. સ્વતંત્રતાના માપદંડ પણ બદલાઈ ગયાં! માનસ સંકુચિત થતાં ગયાં, અને આમ હુંફાળા સંબંધોમાં પણ ઔપચારિકતા આવી ગઈ, જે સમાજનાં સર્વાંગી વિકાસ માટે બાધક છે. વિજ્ઞાનની રીતે આપણે ગમે તેટલી તરક્કી કરીએ, પરંતુ માનવી એક સામાજિક પ્રાણી છે, અને એને સમય સમયે જેમ ખોરાક જોઈએ, એ જ રીતે એને હુંફ પણ જોઈએ, લાગણી પણ જોઈએ, પ્રેમ પણ જોઈએ, અને જો પ્રેમ ન મળે તો માણસમાં વિકૃતિ આવે. સમાજમાં થતા નાના મોટા ક્રાઈમ મોટેભાગે કોઈને કોઈ વિકૃતિનું કારણ જ હોય છે, અને એની પાછળ, જે તે વ્યક્તિને પરિવાર માંથી પ્રેમ ન મળ્યાનું કારણ મળે છે. માનવીની દરેક પ્રકારની ભૂખ માટે એક એક સીમા રેખા નિશ્ચિત હોય છે, એટલે કે વધતી ઓછી માત્રામાં પણ એ તેનાથી ક્યારેક ને ક્યારેક ધરાઈ જાય, કે ઉબાઈ પણ જાય! પરંતુ લાગણી એ એક એવો પ્રેમ પેય પદાર્થ છે, જેનાથી એ ક્યારેય ધરાતો નથી! હા પઝેશન એ એક અલગ ભાવ છે. માતાનો સંતાન સાથે નો, પિતાનો સંતાન સાથેનો, ભાઈ ભાઈ નો, ભાઈ બહેન નો, કાકા કાકી, મામા મામી, માસી માસા ફઈ ફુવા આ બધા જ સંબંધો જો આ લાગણી નામના પ્રેમ પેય પદાર્થથી સિંચાતા હોય તો પરિવારનો એક એક જણ પ્રસન્ન રહે! જે લાગણી એને સંયુક્ત કુટુંબમાંથી જ મળી રહેતી. પરંતુ પરિવારો તૂટી ગયા અને માતા પિતા અલગ પુત્ર પૂત્રવધૂ કે દીકરી જમાઈ કે પછી ભાઈ ભાઈ અલગ થયા, અને હવે અહીં તેને સ્વતંત્રતા તો મળી, પરંતુ હું લાગણીની બાબતમાં બેલેન્સ ઓછું થવા લાગ્યું, અને ઘણીવાર સંસ્કાર નબળા પડતા યુવાની વ્યસનના માર્ગે ચડી કે પછી અન્ય રીતે વિકૃત થઈ. આ ઉપરાંત બંને પક્ષ શિક્ષિત અને સ્વતંત્ર હોવાથી વિચારધારામાં પણ વારંવાર દર્શન થવા લાગ્યું, અને એને કારણે નિધિ સંબંધોમાં પણ ક્યાંક થોડી ઘણી ઔપચારિકતા આવી ગઈ. દરેકે દરેક ભાવ કોઈ સાથે વહેંચી ન શકવાને કારણે ઉપરાંત તેને ઉંમર સહજ ભાવ પણ સ્પર્શતા હોયને તેને અંગત મિત્રની જરૂર પણ પડે! જે અત્યારના સમયમાં યોગ્ય ન હોય તો ઉત્તમમાં ઉત્તમ સમય પણ કસમય અને અસમય થઈ જાય છે! દુનિયાનાં ગમે તે છેડે જાઓ ગમે તેટલાં સ્વતંત્ર રહો, ગમે તેટલા સુખી હોય, કે ગમે તેટલાં શિક્ષિત હોય પણ, સમય સંજોગ સંબંધ અને પોતાના સ્વભાવની આસપાસ જ દરેકના જીવન પરિક્રમા કરતા હોય છે, અને એ આપણાં સંસારીઓની સૌથી મોટી લાક્ષણિકતા છે. ઉપરાંત સમય એટલો ખરાબ ચાલી રહ્યો છે, કે દરેકે દરેક પર એટલો ભરોસો પણ કરી શકાતો નથી ક્યારેક ક્યારેક હદથી વધારે વિશ્વાસ કર્યાનું પરિણામ પણ બહુ ખરાબ આવતું હોય છે, તો ક્યારેક નાની નાની વાતોમા અવિશ્વાસની ધરોહર પણ સંબંધ તૂટવા જવાબદાર બને છે. સબંધ ગમે તે હોય એટલે કે પતિ પત્નીનો, માતા પિતાનો સંતાન સાથેનો, કે સંતાનનો માતાપિતા સાથેનો, ભાઈ ભાઈનો, ભાઈ બહેનનો, કે અન્ય કોઈપણ સંબંધ લ્યો એમાં, સેવા ક્ષમા અને મૈત્રીનો ભાવ જો ઉત્કૃષ્ટ નહીં હોય તો, એ સંબંધ બહુ લાંબો નહીં ચાલે, અથવા ચાલે તો પણ પડ્યું પાનું નિભાવી લેવું એવી માનસિક્તા કે જે ભારતીય સમાજની ૫૦% ઉપરની સ્ત્રી કે પુરુષ કરે છે. જીવનના કેટલાય વર્ષો સુધી સંબંધ સિંચવા માટે સમર્પણ કર્યું હોવા છતાં ક્યારેક પરિણામ એટલું સારું ન પણ મળે! માનવીને દરેક પરિસ્થિતિમાં ટટ્ટાર રહેવા આંતર બાહ્ય બને સંતુલન જરૂરી છે ! જ્યારે બાહ્ય સંબંધો માંથી પોતાને ટકાવી રાખવા કે ટટ્ટાર રહેવા માટે કંઈ મળી શકે એમ નથી એમ લાગે, ત્યારે માનવીએ પોતાનાં આંતરગુણોને પોતાના મિત્ર બનાવીને જીવનને વિખરાઈ જતું બચાવી શકાય છે, અને એ વાત પૂજ્ય બાપુએ ઘણીવાર કથામાં વાત કરી છે. તુલસીદાસજીએ દરેકે દરેક સોપાનમાં આંતરિક ગુણને મિત્ર બનાવીને જીવનને અડીખમ ઊભું કે ટટ્ટાર રાખવાની વાત કરી છે, તો આપણે પણ બદલાતાં સમયમાં કે જ્યારે બાહ્ય સંબંધોમાં એટલો સેવા ક્ષમા કે મૈત્રીનો ભાવ ન મળે, અને જીવન વિકટ લાગતું હોય કે પછી, આ સમયમાંથી કેમ ઉપર ઉઠવું એ સમજ બહાર હોય મુશ્કેલ લાગતું હોય, ક્યારેક અશક્ય લાગતું હોય, ત્યારે આપણાં આંતરિક ગુણને મિત્ર બનાવીને જીવનને ફરીથી નવી દિશા આપી શકાય છે. મિત્રતા માટે કોઈ ઉંમર નક્કી કરેલી નથી, દરેકે દરેક ઉંમરમાં મિત્રની જરૂરિયાત હોય જ છે, પણ બહાર જ્યારે મિત્રતાનો ભાવ મળે નહીં, કે પછી ચરિત્રની નિખાલસતા પર શંકા થાય! અને સમજ સહજ ન રહી શકે ત્યારે તુલસી એ કહ્યા મુજબ જીવનને સમેટીને ફરીથી નવી દિશામાં આગળ વધવું જોઈએ. પ્રથમ સોપાન એટલે કે બાલકાંડમાં ધીરજ!, દ્વિતીય સોપાન અયોધ્યા કાંડમાં ધર્મ! તૃતીય સોપાન અરણ્યકાંડમાં વિવેક! ચોથુ સોપાન કિષ્કિંધા કાંડમાં સાહિત્ય, પાંચમું સોપાન સુંદરકાંડમાં સાહસ, છઠ્ઠુ સોપાન લંકા કાંડમાં સત્ય વ્રત અને સાતમું સોપાન ઉત્તર કાંડમાં ભરોસો! આમ આપણા આંતરિક ૭ ગુણોને જ તુલસીએ મિત્ર ગણાવી અસમય કે સખા એટલે કે કઠિનમા કઠિન સમયનો માર્ગ કાંપવા કહ્યું છે. ઉંમરની સહજતાને પણ એમાં લક્ષણ બનાવી શકાય છે. દરેકના જીવનમાં એવા કેટલાય ઘાટ આવ્યાં હશે, અને આવશે! કે જેમાં આપણને મિત્રની જરૂર પડે છે! તો કળિયુગને દૂર કરનાર રામકથા છે, તો તુલસીનો મર્મ સમજી આપણે સૌ આપણા જીવનને નવી દિશા તરફ દોરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના સાથે આજે હું મારા શબ્દોને અહીં જ વિરામ આપું છું, ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**કેટલાક જ્ઞાની થઈ અભિમાનમાં મરે છે, બ્રાહ્મણ ન ભણે તો અજ્ઞાની રહે છે અને બહુ ભણે તો કેટલીકવાર અભિમાનમાં મરે છે**

# લાભથી લોભ વધે એટલે પાપ વધે પાપ વધે એટલે ધરતી રસાતળમાં જાય છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**કર્મમાર્ગમાં વિઘ્ન કરનારો કામ છે, કશ્યપદિતિ એનો દાખલો છે, કામ થી કર્મનો નાશ થાય છે, ભક્તિ માર્ગમાં વિઘ્ન કરનાર લોભ છે, લોભથી ભક્તિનો નાશ થાય છે, કામ, ક્રોધ, લોભ આ ત્રણથી પુણ્ય નો નાશ થાય છે, વિવેકથી કામનો નાશ થાય છે, પણ ક્રોધનો નાશ મુશ્કેલ છે, એકનાથજી મહારાજે ભાવાર્થ રામાયણમાં લખ્યું છેકે કામીને, લોભીને તત્કાળ થોડો લાભ થાય છે, પણ ક્રોધ કરનારને કાંઈ લાભ થતો નથી.**

પહેલગામમાં પર્યટકો પર થયેલા આતંકવાદી હુમલા પછી આપણી સરકાર ગંભીર બની અને સેનાને છૂટો દોર આપી ઑપરેશન સિંદૂર અંતર્ગત કેટલીક મીડિયા ચેનલો ના કડાકા ભડાકા સાથે લાહોર પીઓકેમાં બધુ રમણ ભમણ કરી સેનાને નહી સરકારને..જશ અપાવ્યો. ઑપરેશન સિંદૂર પંજાબ બોર્ડરથી સીઝ ફાયર થયું.લોકો અને સેનામાં ગજબનો ઉત્સાહ જોવા મળતો હતો પણ. તે પછી તિરંગા યાત્રા ગુજરાત સહિત દેશભરમાં વિજયોત્સવરૂપે ચાલી રહી છે બીજી બાજી આપણા દેશના ત્રણ મોટા નેતાઓ ગુજરાત રાજસ્થાન બોર્ડર જઈ સેનાનો જુસ્સો વધારી રહ્યા છે.બીજું પ્રતિનિધિ મંડળ કેટલાક દેશોમાં જઈ ઑપરેશન સિંદૂરની સફળતાની ગાથા રજુ કરવાના છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે રાજસ્થાનના બિકાનેર નજીક દેશનોક જઈ કરણીમાતાજીના દર્શન પૂજા અર્ચના કરી અદ્યતન રેલ્વે સ્ટેશન અર્પણ કર્યું.બોર્ડર લોકો અને સેનામાં ગજબનો ઉત્સાહ ભર્યો ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જય-વિજય એટલે કીર્તિ અને પ્રતિષ્ઠાનો મોહ. સાતમે દરવાજે પહોંચેલાને પણ એ અટકાવે છે. મનુષ્યને કીર્તિનો અને પ્રતિષ્ઠાનો મોહ છૂટતો નથી. ચેલાઓ વખાણ કરે એટલે ગુરુને લાગે છે કે,હું બ્રહ્મરૂપ થઈ ગયો છું!પછી સેવા- સ્મરણમાં ઉપેક્ષા જાગે છે અને પતન થાય છે. મનુષ્યનું મન નામ રૂપમાં ફસાયેલું છે. નામ અને રૂપમાં મોહ ન છૂટે ત્યાં સુધી ભક્તિ થતી નથી. મન શ્રીકૃષ્ણના રૂપમાં ફસાય તો જ મુક્તિ મળે. પ્રતિષ્ઠાનો મોહ આવ્યો કે ભગવાનને દરવાજેથી પાછા ફરવું પડે છે.ક્રોધ કરવાથી સનતકુમારો ને ભગવાનના સાતમા દરવાજેથી પાછા ફરવું પડ્યું,પરંતુ સનત કુમારોનો ક્રોધ સાત્ત્વિક છે. આ દ્વારપાળો ભગવત દર્શનમાં વિઘ્ન કરે છે તેથી ક્રોધ આવ્યો છે. એટલે ભગવાને અનુગ્રહ કરી બહાર આવીને દર્શન દીધાં, પરંતુ ભગવાનના મહેલમાં તો તેઓ દાખલ થઈ શક્યા નહીં જ.કારણ ક્રોધ. મહાપ્રભુએ આ ચરિત્રની સમાપ્તિ કરતાં કહ્યું કે,જ્ઞાનમાર્ગમાં જ્ઞાની ઓને વિઘ્ન કરનાર અભિમાન છે. અભિમાનના મૂળમાં આ ક્રોધ છે કેટલાક અજ્ઞાનમાં મરે છે. કેટલાક જ્ઞાની થઈ અભિમાનમાં મરે છે. બ્રાહ્મણ ન ભણે તો અજ્ઞાની રહે છે અને બહુ ભણે તો કેટલીકવાર અભિમાનમાં મરે છે. કર્મમાર્ગમાં વિઘ્ન કરનારો કામ છે. કશ્યપદિતિ એનો દાખલો છે. કામ થી કર્મનો નાશ થાય છે. ભક્તિ માર્ગમાં વિઘ્ન કરનાર લોભ છે. લોભથી ભક્તિનો નાશ થાય છે. કામ, ક્રોધ, લોભ આ ત્રણથી પુણ્ય નો નાશ થાય છે. વિવેકથી કામનો નાશ થાય છે, પણ ક્રોધનો નાશ મુશ્કેલ છે. એકનાથજી મહારાજે ભાવાર્થ રામાયણમાં લખ્યું છે કે કામીને, લોભીને તત્કાળ થોડો લાભ થાય છે,પણ ક્રોધ કરનારને કાંઈ લાભ થતો નથી. ઊલટું તેના પુણ્યનો ક્ષય થાય છે. વલ્લભાચાર્યજીએ આ વિશે કહ્યું છે કે,કામ કર્મનો નાશ કરે છે.તેથી કામ, ક્રોધ,લોભને ગીતાજીમાં નરકનાં દ્વારો કહ્યાં છે અને એ ત્રણ ત્યજવાનું કહ્યું છે. ભક્તિમાર્ગમાં લોભ કેવી રીતે વિઘ્ન કરે છે? માણસ ભગવાનને માટે અગર દાન માટે હલકામાં હલકી ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે.બાબાનો શુટ બનાવવોહોય તો સાત રૂપિયે વારનું કાપડ અને ઠાકોરજીના વાઘા સિવડાવવા હોય તો ચાર આને ગજનું કાપડ! ઠાકોરજીના માટેફૂલ લેવા ગયા અને ગુલાબના ફૂલના ચાર આના પડે,તો કહેશે કે કરણનાં ફૂલઆપ મારા ઠાકોરજી તો ભાવના ભૂખ્યા છે પણ ઘર વાળી માટે ગમે તેટલા રૂપિયા ખર્ચીને સારી વેણી લઈ આવે. સત્યનારાયણની કથામાં બેસવાનું હોય, તો ભાઈ રૂપિયા બસોનું પીતાંબર પહેરીને બેસે અને જ્યારે ઠાકોરજીને વસ્ત્રપરિધાન કરાવવા નો પ્રસંગ આવે ત્યારે કહેશે,પેલું નાડું લાવેલા તે ક્યાં ગયું!ભગવાન કહે છે, હમ સબ સમજતે હૈ.મેં પણ તારા માટે લંગોટી પહેરવાના કંદોરાનું નાડું તૈયાર રાખ્યું છે.આવું ન કરો. ભગવાનને સારામાં સારી વસ્તુ અર્પણ કરો.બસો બાવન વૈષ્ણવો ની વાર્તાઓમાં જમનાદાસ ભક્ત નું એક દૃષ્ટાંત આવે છે. જમનાદાસ ભક્ત એક વખત ઠાકોરજીને માટે બજારમાં ફૂલ લેવા નીકળ્યા. ફૂલવાળાની દુકાને એક સારું કમળ જોયું. જમનાદાસજીએ વિચાર્યું કે, આજ તો મારા ઠાકોરજીને માટે હું આ સુંદર કમળ લઈ જઈશ. તે જ વખતે તે દુકાને એક યવન રાજા ફૂલ લેવા આવી પહોંચે છે. યવનરાજાને પોતાની રખાત વેશ્યા માટે ફૂલ જોઈતું હતું. જમનાદાસ ભક્ત માળીને કમળના ફૂલની કિંમત પૂછે છે. માળી પાંચ રૂપિયા કિંમત જણાવે છે, તેજ વખતે યવનરાજા વચમાં કૂદી પડે છે કે, એ ફૂલના હું દસ રૂપિયા આપવા તૈયાર છું.બંને વચ્ચે ફૂલ લેવા હરીફાઈ ચાલે છે. યવનરાજા તે ફૂલની કિંમત દસ હજાર રૂપિયા બોલે છે. જમનાદાસ ભક્ત કહે, મારા એક લાખ! યવનરાજાને વેશ્યા તરફ સાચો પ્રેમ ન હતો, મોહ હતો. તે વિચારે છે કે,એક લાખ હશે તો બીજી સ્ત્રી મળશે ત્યારે જમનાદાસજી ભક્તને મન તેના ઠાકોર જી સર્વસ્વ હતા. તેનો સાચો શુદ્ધ પ્રેમ હતો.જમનાદાસ પોતાની સર્વ મિલકત વેચીને એક લાખ રૂપિયા કિંમત આપી ફૂલ ખરીદી લાવે છે અને શ્રીનાથજીની સેવામાં અર્પણ કરે છે.શ્રીનાથજી ના માથા ઉપર થી મુગટ આજે નીચે પડી જાય છે. ભગવાન તે દ્વારા બતાવે છે જમનાદાસ ભક્તના કમળનું વજન મારાથી સહન થતું નથી. સનતકુમારોને ક્રોધ આવ્યો એટલે પતન થયું. પ્રભુના દ્વારે ગયેલા પાછા આવ્યા. કામ,ક્રોધ અંદરના વિકાર છે.તક મળતાંએ બહાર આવે છે તેથી મન ઉપર સત્સંગનો ભક્તિનો અંકુશ રાખો. ઈશ્વરનું સતત ચિંતન કરે તેના અંદરના વિકારો શાંત થાય છે. સનતકુમારોનો ક્રોધ હજી શમ્યો નથી. તેમણે ક્રોધમાં જય-વિજય ને શ્રાપ આપ્યોકે,રાક્ષસોમાં વિષમતા હોય છે.તમે એવી વિષમતા દેખાડી માટે તમે રાક્ષસો થાઓ! મંદિરમાં થોડું પાપ કરે એ મહા પાપ છે.સનતકુમારોએ વૈકુંઠ માં ક્રોધ કર્યો.તેથી ભગવાને વિચાર્યું કે,મારા દ્વારે પાપ કર્યું એટલે મારા ઘરમાં આવવા હવેએ લાયક નથી આ લોકોએ ક્રોધ ઉપર હજુ વિજય મેળવ્યો નથી. સનકાદિકને અંદર પ્રવેશ મળ્યો નહીં. અંદર ગયા હોત પછી બહાર આવવાપણું ન હતું.કારણ ભગવાનનું પરમધામ તો એવું છે, જ્યાં ગયા પછી આવવાપણું હોતું નથી.એટલે નારાયણ લક્ષ્મીજી બહાર આવે છે ઠાકોરજી સનત કુમારોની સામે જોતા નથી. આજે નજર ધરતી ઉપર છે.જીવનેકરેલાં પાપ માટે હૃદયથી પસ્તાવો નથાય ત્યાં સુધી ઠાકોરજી દર્શન આપતાં નથી. સ્વદોષ દર્શનએ ઈશ્વરદર્શન નું ફળ છે સનતકુમારો વંદન કરેછે પણ ઠાકોરજી સામું જોતા નથી સનકાદિક ઋષિઓ ભગવાન પાસે ક્ષમા માગે છે. બ્રાહ્મણો ભગવાનને વહાલા છે. ભગવાન સનતકુમારોને કહે છે કે, તમે મારી ભક્તિ અને જ્ઞાનનો પ્રચાર કર્યો છે. મને મારા ભક્તો અતિપ્રિય છે.અનન્યભક્તિ ન હોય તો મને લક્ષ્મીજી પણ પ્રિય નથી.નિષ્કામ ભક્તિ મનેઅતિશય પ્રિય છે.લક્ષ્મીજીમાં પણ નિષ્કામ ભક્તિ ન હોય તો લક્ષ્મીજી પણ પ્રિય લાગતી નથી ચંચળ લક્ષ્મી જી ઠાકોરજીના ચરણમાં સ્થિર થાય છે.તુલસીજી રાધાજીનું સ્વરૂપ છે.જીવાત્મા પરમાત્માનું લગ્નએ તુલસી વિવાહનું તાત્પર્ય છે, સનકાદિક વિચારે છે કે, અમારાં વખાણ કરે છે, પણ ધામમાં તો બોલાવતા નથી કે લઈ જતા નથી માટે અમારે હજુ તપ શ્ચર્યા કરવાની જરૂર છે.હજુ ક્રોધ અમારામાંથી ગયો નથી,એટલે સનકાદિક બ્રહ્મલોકમાં પધારે છે. પછી જયવિજયને સાંત્વનાઆપી નારાયણ ભગવાને કહ્યું,તમારા ત્રણ અવતારો થશે પણ તમારો ઉદ્ધાર કરવા હું ચાર અવતારો ધારણ કરીશ! સનકાદિકના શાપથી જય અને વિજય અનુક્રમે હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ તરીકે અવતર્યા છે. એજ દિતિના બે પુત્રો.મહાપ્રભુજી એ આ ચરિત્રની સમાપ્તિ કરતાં કશ્યપ ઉપર ત્રણ દોષો નાખેલા છે કર્મત્યાગ,મૌનત્યાગ અને સ્થાન ત્યાગ હિરણ્યાક્ષ અને હિરણ્યક શિપુના રોજ ચાર-ચાર હાથ વધતા.જો આમ ખરેખર બને તો માતાપિતાની શું સ્થિતિ થાય તે કલ્પી શકો છો! બીજી મુશ્કેલી એક બાજુ મૂકીએ, તો પણ એક દિવસનાં કપડાં બીજે દિવસે ટૂંકા પડે.પણ ભાગવતની આ સમાધિ ભાષા છે.ભાગવતમાં સમાધિ ભાષા મુખ્ય છે. લૌકિકભાષા ગૌણછે.આમ કહીને લોભનું સ્વરૂપ બતાવ્યું છે. ચાર ચાર હાથ રોજ વધતા એટલે કે લોભ રોજને રોજ વધતો જાય છે.લાભથી લોભ વધે છે. લોભનો અંત:પ્રભુકૃપા વગર થતો જ નથી શરીર જીર્ણ થવાથી કામ મરે છે, પણ લોભનો નાશ થતો નથી. લાભથી લોભ વધે એટલે પાપ વધે પાપ વધે એટલે ધરતી રસાતળમાં જાય છે.ધરતી એટલે માનવ સમાજ દુ:ખરૂપી રસાતળ માં ડૂબે છે. હિરણ્યાક્ષે ખૂબ ભેગું કર્યું છે. હિરણ્યકશિપુએ ખૂબ ભોગવ્યું છે. લોભ વધે એટલે ભોગ વધે, ભોગ વધે એટલે પાપ વધે. જ્યાર થી લોકો માનવા લાગ્યાકે, પૈસાથી જ સુખ મળે છે ત્યારથી જગતમાં પાપ બહુ વધી ગયું છે. હિરણ્યાક્ષને મારવા વરાહાવતાર થયો. હિરણ્યકશિપુને મારવા નૃસિંહ અવતાર થયો. હિરણ્યાક્ષ ભોગના લોભનો અને હિરણ્યક શિપુએ લોભના ભોગનો અવતાર છે.કામને મારવા એકજ અવતાર લીધો છે રાવણ-કુંભકર્ણને મારવા રામચંદ્રજીનો અવતાર. ક્રોધને મારવા પણ એક જ અવતાર- શિશુપાળને મારવા શ્રીકૃષ્ણાવતાર પરંતુ લોભને મારવા માટે બે અવતાર લેવા પડ્યા છે. વરાહાવ તાર અને નૃસિંહાવતાર.તે બતાવે છે કે લોભને જીતવો બહુ જ મુશ્કેલ છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત.વાવાઝોડા કમોસમી વરસાદની આગાહી વચ્ચે ખેડૂતો પશુપાલકો સજાગ બની રહે તેવી આશા સહ અસ્તુ.

# હેરા ફેરી-૩ ફિલ્મમાંથી પરેશ રાવત ખસી જતાં સુનીલ શેટ્ટીનું રિએક્શન



**અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી અને દિગ્દર્શક પ્રિયદર્શનને ફિલ્મ છોડવા અંગે જાણ કરી દીધી છે**

ફિલ્મ 'હેરા ફેરી ૩'ને લઈને દર્શકો ખૂબ જ ઉત્સાહિત હતા. પરંતુ પરેશ રાવલની અચાનક આ ફ્રેન્ચાઈઝીમાંથી બહાર થવાની જાહેરાતે ચાહકોને ચોંકાવી દીધા છે. હવે પરેશ રાવલના આ નિર્ણય પર સુનિલ શેટ્ટીએ મૌન તોડ્યું છે. સુનીલ શેટ્ટીએ પરેશ રાવલના હેરા ફેરી ૩ માંથી બહાર થવા પર આશ્ચર્ય વ્યક્ત કર્યુ અને આ દરમિયાન ભાર મૂકીને કહ્યું કે, પ્રતિષ્ઠિત પાત્ર 'બાબુરાવ ગણપત રાવ આપ્ટે' વિના આ ફિલ્મ બની જ ન શકે. એક ન્યૂઝ એજન્સી સાથે વાત કરતા સુનીલ શેટ્ટીએ કહ્યું કે, 'આવું બની જ ન શકે. પરેશ રાવલ વિના....૧૦૦% આ ન બની શકે. મારા અને અક્ષય વિના હેરા ફેરી ૩નો ૧% પણ ચાન્સ છે, પરંતુ પરેશ જી વિના ૧૦૦% આ ફિલ્મ ન બની શકે. જો રાજૂ અને શ્યામને બાબુ ભૈયાનો માર ન પડે ત્યાં સુધી આ ફિલ્મ ન ચાલે.'સુનીલ શેટ્ટીએ જણાવ્યું કે, કેવી રીતે મને આ વાતની જાણ મારા બાળકો આથિયા અને અહાન શેટ્ટી દ્વારા થઈ. એક્ટરે એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે, 'તે બંનેએ જ ૧૫ મિનિટની અંદર જ મને આ મોકલ્યું અને પૂછ્યું 'પપ્પા, આ શું છે?' અને હું અહીં મારો ઈન્ટરવ્યુ આપી રહ્યો હતો. આ જોતાંની સાથે જ હું વિચારમાં ડૂબી ગયો.' સુનીલ શેટ્ટીએ આશા વ્યક્ત કરી કે પરેશ રાવલ ભવિષ્યમાં ચોક્કસપણે આ ફિલ્મમાં વાપસી કરશે, કારણ કે દર્શકોની જેમ તેઓ પણ રાજુ, શ્યામ અને બાબુરાવની ત્રિપુટીની વાપસીની રાહ જોઈ રહ્યા હતા. સ્થિતિ ત્યારે વધુ જટિલ બની ગઈ જ્યારે પરેશ રાવલે જણાવ્યું કે, મેં અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી અને દિગ્દર્શક પ્રિયદર્શનને ફિલ્મ છોડવાના નિર્ણય વિશે જાણ કરી દીધી છે, જોકે, પ્રિયદર્શને પરેશ રાવલ તરફથી આવી કોઈ માહિતી મળી હોવાનો ઈનકાર કરી દીધો છે. પ્રિયદર્શને કહ્યું કે, 'મને નથી ખબર કે આવું કેમ થયું કારણ કે, પરેશે અમને જાણ નથી કરી.' ફિલ્મ શરૂ કરતા પહેલા, અક્ષયે મને પરેશ અને સુનીલ બંને સાથે વાત કરવાનું કહ્યું અને મેં તેમ કર્યુ અને બંને સંમત થયા હતા.'

## તેમના વિના ફિલ્મ નહીં બને : સુનિલ સેટ્ટી



તેમણે એમ પણ કહ્યું કે, 'ફિલ્મમાં તેના નાણાકીય રોકાણને કારણે અક્ષય કાનૂની કાર્યવાહી કરી શકે છે. પ્રિયદર્શને કહ્યું કે, મારી પાસે ગુમાવવા માટે કંઈ નથી, પણ અક્ષયે પૈસા રોક્યા છે અને તે જ કારણ હોઈ શકે છે કે તે આ પગલું ભરી રહ્યો છે.' પરેશ રાવલે જણાવ્યું હતુ કે, મેં અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી અને દિગ્દર્શક પ્રિયદર્શનને ફિલ્મ છોડવા અંગે જાણ કરી દીધી છે તમને જણાવી દઈએ કે, તાજેતરમાં પરેશ રાવલે જણાવ્યું હતું કે, મેં અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી અને દિગ્દર્શક પ્રિયદર્શનને ફિલ્મ છોડવા અંગે જાણ કરી દીધી છે. તેમણે ચાહકોને આ વિશે માહિતી આપવા માટે ટ્વિટ કર્યું, જેમાં તેમણે લખ્યું 'હું એ વાત રેકોર્ડ પર રાખવા માંગુ છું કે હેરા ફેરી ૩ છોડવાનો મારો નિર્ણય સર્જનાત્મક મતભેદોને કારણે નહોતો. હું ફરીથી ભારપૂર્વક કહું છું કે ફિલ્મ નિર્માતા સાથે કોઈ સર્જનાત્મક મતભેદ નથી. મને ફિલ્મ દિગ્દર્શક પ્રિયદર્શન પ્રત્યે અપાર પ્રેમ, આદર અને આસ્થા રાખું છું.'



# ગર્લફ્રેન્ડ જાસ્મીનને 'છપરી' ગણાવતા અલી પર ભડક્યાં યુઝર્સ

### સોશિયલ મીડિયા પર ટ્રોલિંગ, યૂઝર્સનું કહેવું છે કે, પોતાની ગર્લફ્રેન્ડનું આવી રીતે સોશિયલ મીડિયા પર અપમાન કરવું ખોટું છે


અલી ગોની અને જાસ્મીન ભસીન ટેલિવિઝનના સૌથી પોપ્યુલર કપલ્સમાંથી એક છે. બંનેની દોસ્તી, મસ્તી અને પ્રેમને ચાહકો ખૂબ પસંદ કરે છે. જોકે, ક્યારેક-ક્યારેક તેમણે ટ્રોલિંગનો પણ સામનો કરવો પડે છે. હવે તાજેતરમાં અલી ગોનીની નવી પોસ્ટ સાથે પણ આવું જ થયું છે. તેણે પોતાની ઈન્સ્ટા સ્ટોરી પર એર પોલ શેર કરી, જેમાં ગર્લફ્રેન્ડ જાસ્મીન ભસીનની જૂની તસવીર લાગી છે. થ્રોબેક ફોટોમાં જાસ્મીન ભસીનને જોઈ શકાય છે. તેણે વ્હાઈટ ક્રોપ ટોપ અને બ્લૂ ડેનિમ પહેર્યુ છે. તેમાં લખ્યું છે કે, શું જાસ્મીન છપરી છે? આ સાથે જ હા અને ના નો ઓપ્શન આપવામાં આવ્યો છે. અલીની આ પોસ્ટથી ચાહકો ભડકી ઉઠ્યા છે. યૂઝર્સનું કહેવું છે કે, પોતાની ગર્લફ્રેન્ડનું આવી રીતે સોશિયલ મીડિયા પર અપમાન કરવું ખોટું છે. આ પોસ્ટ વાયરલ થઈ ગઈ છે. આ પોસ્ટ પર એક યૂઝરે કોમેન્ટ કરી કે, 'પોતાની ગર્લફ્રેન્ડ માટે આવી પોસ્ટ કોણ કરે ભાઈ?' બીજા એક યૂઝરે લખ્યું કે, 'ભાઈ આ ખરેખર રેડ ફ્લેગ વ્યક્તિ છે.' અન્ય એક યુઝરે લખ્યું, 'અજીબ કપલ છે આ તો.' કેટલાક યુઝર જાસ્મીન પર પણ સવાલ ઉઠાવી રહ્યા છે. એક યુઝરે લખ્યું કે, 'મને વિશ્વાસ નથી થઈ રહ્યો કે, જાસ્મીનને આનાથી કોઈ વાંધો નથી.' બીજા એક યુઝરે લખ્યું કે, જાસ્મીને પણ આવી જ પોસ્ટ પોતાની સ્ટોરી પર શેર કરી છે. બની શકે કે આ તેમનો ઈનસાઈડ જોક હોય. જાસ્મીન ભસીને અલી ગોનીનો સ્કેચ પોતાની ઈન્સ્ટા સ્ટોરી પર શેર કર્યો છે. આ સાથે જ તેણે લખ્યું કે, શું અલી ગોની છપરી છે? હા કે ના? હવે યુઝર બંનેની જોડીને અજીબ ગણાવી રહ્યા છે. જાસ્મીન અને અલીનું રિલેશન વર્ષ ૨૦૨૦માં બિગ બોસના ઘરમાં શરૂ થયું હતું. પહેલા બંને બેસ્ટ ફ્રેન્ડ હતા. હવે બંનેએ સાથે રહેવાનું શરૂ કરી દીધું છે.

# નિર્માતા સાથે મારે કોઈ સર્જનાત્મક મતભેદ નથીઃ પરેશ

ચાહકો 'હેરા ફેરી ૩' ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મના બંને ભાગ ખૂબ જ સફળ રહ્યા છે અને ચાહકો અક્ષય કુમાર, પરેશ રાવલ અને સુનીલ શેટ્ટીની ત્રિપુટીને 'હેરા ફેરી ૩'માં ફરીથી ધમાલ મચાવતા જોવા માટે ખૂબ જ ઉત્સાહિત હતા. ફિલ્મનું શૂટિંગ પણ શરૂ થઈ ગયું હતુ પણ પરેશ રાવલે ફિલ્મ અધવચ્ચે જ છોડી દીધી. દરમિયાન, અક્ષય કુમારે ફિલ્મને નુકસાન પહોંચાડવા બદલ પીઢ અભિનેતા વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે અને કાનૂની નોટિસ પણ મોકલી છે.જેના જવાબમાં પરેશ રાવલે કહ્યું કે નિર્માતા સાથે મારે કોઈ સર્જનાત્મક મતભેદ નથી.અક્ષયે તેમના પ્રોડક્શન હાઉસ કેપ ઓફ ગુડ ફિલ્મ્સ દ્વારા પરેશ રાવલને કાનૂની નોટિસ મોકલી છે, જેમાં ૨૫ કરોડ રૂપિયાના નુકસાનની માંગણી કરવામાં આવી છે.એક અહેવાલ મુજબ, અક્ષયે પરેશ પર અવ્યાવસાયિક હોવાનો આરોપ લગાવ્યો છે. હકીકતમાં, આ પીઢ અભિનેતાએ ફિલ્મ માટે કરાર પણ કર્યો




હતો. તેણે ફી પણ અગાઉથી લીધી હતી. તેણે અક્ષય અને સુનીલ શેટ્ટી સાથે હેરાફેરી ૩ નું શૂટિંગ પણ શરૂ કર્યુ. પરંતુ તેમણે ફિલ્મ અધવચ્ચે જ છોડી દીધી જેના કારણે પ્રોડક્શન હાઉસને કરોડોનું નુકસાન થયું છે.અહેવાલ મુજબ, કાનૂની કેસ સાથે સંકળાયેલા એક સૂત્રએ જણાવ્યું હતું કે પરેશ રાવલે 'અવ્યાવસાયિક વર્તન' દર્શાવ્યું છે. સૂત્રએ જણાવ્યું હતું કે જો પરેશ ફિલ્મ કરવા માંગતા ન હતા, તો તેમણે કાનૂની કરાર પર હસ્તાક્ષર કરતા પહેલા, સાઈનિંગ રકમ લેતા પહેલા અને નિર્માતાને શૂટિંગ પર આટલો ખર્ચ કરવા દેતા પહેલા આમ કહેવું જોઈતું હતું. હાલમાં આ મામલો કોર્ટમાં પહોંચી ગયો છે.પરેશે લખ્યું, ''હું એ વાત રેકોર્ડ પર રાખવા માંગુ છું કે હેરા ફેરી ૩ માંથી બહાર નીકળવાનો મારો નિર્ણય સર્જનાત્મક મતભેદોને કારણે નહોતો, હું પુનરાવર્તિત કરું છું કે ફિલ્મ નિર્માતા સાથે કોઈ સર્જનાત્મક મતભેદ નથી. મને ફિલ્મ નિર્દેશક પ્રિયદર્શન માટે અપાર પ્રેમ, આદર અને વિશ્વાસ છે.હું એ વાત નોંધવા માંગુ છું કે હેરાફેરી ૩ થી દૂર રહેવાનો મારો નિર્ણય સર્જનાત્મક મતભેદોને કારણે નહોતો. હું ફરી એકવાર કહું છું કે ફિલ્મ નિર્માતા સાથે કોઈ સર્જનાત્મક મતભેદ નથી. મને ફિલ્મ દિગ્દર્શક શ્રી પ્રિયદર્શન પ્રત્યે અપાર પ્રેમ, આદર અને શ્રદ્ધા છે.




મહવાશના શો પ્યાર પૈસા પ્રોફિટના દ્રશ્યો દર્શાવતી રીલ ફરીથી પોસ્ટ કરી

# ડેટિંગની અફવાઓ વચ્ચે, યુઝવેન્દ્ર અને મહવાશની નજદીકિયા વધી

ડેટિંગની અફવાઓ વચ્ચે, યુઝવેન્દ્ર ચહલે ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર આરજે મહવાશને વેબ સિરીઝ પ્યાર પૈસા પ્રોફિટમાં તેના ડેબ્યૂ માટે અભિનંદન આપ્યા.યુઝવેન્દ્ર ચહલ ફક્ત આઈપીએલ ૨૦૨૫માં પંજાબ કિંગ્સ માટે તેના પ્રદર્શનથી જ સ્પોટલાઈટ ચોરી રહ્યો નથી. આ ક્રિકેટર મેદાનની બહાર પણ ધૂમ મચાવી રહ્યો છે. ચહલનું અંગત જીવન ફરી ચર્ચામાં આવ્યું છે કારણ કે તેણે તેના અભિનય ડેબ્યૂ પર આરજે મહવાશને અભિનંદન આપ્યા હતા.ક્રિકેટરે સોશિયલ મીડિયા પર આરજે મહવાશના શો પ્યાર પૈસા પ્રોફિટના દ્રશ્યો દર્શાવતી રીલ ફરીથી પોસ્ટ કરી. તેમની જાહેર પ્રશંસાના પ્રદર્શને ફરી એકવાર તેમના સંબંધો વિશે અટકળોને વેગ આપ્યો છે, ચાહકો તેઓ જે નિકટતા શેર કરે છે તેના પર ગુંજારવ કરી રહ્યા છે.આરજે મહવાશનો પ્યાર પૈસા પ્રોફિટ એમેઝોન પ્રાઈમ વિડીયો અને એમએક્સ પ્લેયર પર સ્ટ્રીમ થઈ રહ્યો છે. તેમાં નીલ ભૂપાલમ, મિહિર રાજદા અને શિવાંગી ખેડકર પણ છે. તાજેતરના ઈન્ટરવ્યુમાં, આરજે મહવાશે ટ્રોલિંગનો તેના પર કેવી અસર પડી તે વિશે વાત કરી. તેણીએ કહ્યું, ''કેટલાક ટ્રોલ્સને કારણે આ ખૂબ જ તાજેતરમાં બન્યું. હું તેને



સંભાળી શકી નહીં કારણ કે કહેવામાં આવતી કેટલીક વાતો સાચી પણ નહોતી. હું એવું વિચારતી હતી કે, 'આ લોકો મારી સાથે આવું કેમ કરી રહ્યા છે? હું ફક્ત એક છોકરી છું જે પોતાનું જીવન જીવવાનો પ્રયાસ કરી રહી છે. જ્યારે તેઓ સત્ય જાણતા પણ નથી ત્યારે તેઓ આટલા ખરાબ કેમ કરી રહ્યા છે?' તે ખરેખર મારા પર ખરાબ અસર કરી. હું બધું છોડી દેવા માંગતી હતી - સોશિયલ મીડિયા, જાહેર જીવન. હું ફક્ત પાછા જવા માંગતી હતી, એક સામાન્ય છોકરીની જેમ જીવવા માંગતી હતી, અને પહાડોમાં છુપાઈને મેગી વેચવા માંગતી હતી. હું ધ્યાન ઈચ્છતી નહોતી. તો હા, ટ્રોલ્સ મારા પર ખરાબ અસર કરે છે''.

### બિલકુલ અલગ લૂક દર્શકોને ચોંકાવી દેશે

# રણબીર અને વિકીએ 'લવ એન્ડ વોર' ફિલ્મ માટે વજન ઘટાડ્યું

### રણબીર કપૂરે આ પહેલાં ૧૭ વર્ષ પહેલાં સંજય લીલા ભણસાલી સાથે કામ કર્યુ હતું, એ પણ તેણે યાદ કર્યું



રણબીર કપૂર અને વિકી કૌશલ હાલ સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'લવ એન્ડ વૉર'માં કામ કરી રહ્યા છે, તે તો જાહેર વાત છે, આલિયા ભટ્ટ પણ આ ફિલ્મમાં લીડ રોલમાં છે, ત્યારે હવે ભણસાલીની ફિલ્મના અને આ ત્રણ સ્ટાર્સના ફૅન્સ ફિલ્મની કોઈને કોઈ નવી માહિતીની રાહમાં રહે છે. ત્યારે હવે તાજેતરમાં એવા અહેવાલો આવી રહ્યા છે કે આ બંને કલાકારો ફિલ્મના પોતાના રોલ માટે શરીરમાં નોંધપાત્ર પરિવર્તન લાવવા પ્રયત્ન કરી રહ્યા છે. આ ફિલ્મ માટે બંને ૧૦થી ૧૫ કિલો વજન ઘટાડવાની તૈયારી કરી રહ્યા છે. સુત્રો દ્વારા એવી માહિતી મળી રહી છે કે 'લવ એન્ડ વૉર' માટે રણબીરે ૧૨ કિલો વજન ઘટાડ્યું છે, જ્યારે વિકી કૌશલે ૧૫ કિલો વજન ઘટાડ્યું છે. આ ફિલ્મમાં આ બંને કલાકારો એટલા અલગ અવતારમાં જોવા મળશે કે દર્શકો તેમને પડદા પર જોઈને માની જ નહીં શકે. જોકે, આ અંગે આથી વધુ કોઈ માહિતી મળતી નથી.થોડાં વખત પહેલાં રણબીરે મુંબઈની એક ઈવેન્ટમાં ફિલ્મ વિશે વાત કરી હતી. તેણે કહ્યું હતું કે આ ફિલ્મનો તેનો રોલ કોઈ પણ કલાકારના ડ્રીમ રોલ જેવો હશે. જેમાં તે આલિયા અને વિકી જેવા ટેલેન્ટેડ કલાકારો અને સંજય લીલા ભણસાલી જેવા ડિરેક્ટર સાથે કામ કરી રહ્યો છે. રણબીરે આ પહેલાં ૧૭ વર્ષ પહેલાં ભણસાલી સાથે કામ કર્યુ હતું. એ પણ તેણે યાદ કર્યું હતું. ભણસાલીના ડેડિકેશનના વખાણ કરતા તેણે કહ્યું હતું કે આટલી મહેનત કરતા અને પાત્રની લાગણીઓ, સંગીત અને ભારતીય સંસ્કૃતિને આટલી સારી રીતે સમજતા બીજા કોઈ ડિરેક્ટર્સ તેણે જોયા નથી.સાથે રણબીરે એવું પણ કબુલ્યું હતું કે ભણસાલી સાથે કામ કરો એટલે તમે ચોક્કસ થાકી જાઓ કારણ કે એમની પ્રક્રિયા લાંબી અને પડકારજનક હોય છે, પરંતુ અંતે એનું પરિણામ પણ એટલું જ સારું મળે છે. તેણે કહ્યું હતું કે ભણસાલી કળાઓને ખરા અર્થમાં પોષે છે અને તેમના ફિલ્મના કલાકારોનો ફિલ્મનો અનુભવ ક્યારેય ન ભુલાય એવો બની જાય છે. આ ફિલ્મમાં રણબીર અને વિકીની એકબીજા સામે ટક્કર જોવા મળશે, જે આલિયાને મેળવવા માટેની લડાઈ હશે. સુત્ર દ્વારા એવી પણ માહિતી મળી છે કે ભણસાલીએ ફિલ્મના કેટલાંક ભાગનું શૂટિંગ કરી પણ લીધું છે અને આ ત્રણેય કલાકારો સાથે કામ કરવામાં તેમને પણ મજા આવે છે. માર્ચ ૨૦૨૬ દરમિયાન ફિલ્મ રિલીઝ થાય એવી શક્યતા છે.

# નંદિની ગુપ્તાને ઐશ્વર્યાની સફરમાંથી પ્રેરણા મળી

### આ સ્પર્ધામાં ભાગ લેવાના પોતાના નિર્ણય અંગે નંદિનીએ જણાવ્યું કે તેનાં માતાપિતાએ તેને ઘણો સહકાર આપ્યો છે

રાજસ્થાનના એક ખેડુત પરીવારમાંથી આવતી અને મોટી થયેલી નંદિની ગુપ્તાને અંદાજ પણ નહોતો કે તે એક દિવસ આવા મિસ ઈન્ડિયાના મંચ પર ભારતનું પ્રતિનિધિત્વ કરશે. તે પોતાની આ સફરનું શ્રેય મિસ વર્લ્ડ ઐશ્વર્યા રાયને આપે છે, તેમની સફરમાંથી નંદિનીને પ્રેરણા મળી છે. આ વર્ષે હૈદ્રાબાદમાં મિસ વર્લ્ડની સ્પર્ધા યોજાઈ રહી છે. ત્યારે મિસ ઈન્ડિયા ૨૦૨૩ નંદિની ગુપ્તાએ એક ઈન્ટરવ્યુમાં તેને ઐશ્વર્યામાંથી કઈ રીતે પ્રેરણા મળી તે અંગે વાત કરી હતી. તેણે એવી આશા પણ વ્યક્ત કરી હતી કે ફાઈનલના દિવસે ઐશ્વર્યા હૈદ્રાબાદમાં હાજર રહેશે.આ સ્પર્ધામાં ભાગ લેવાના પોતાના નિર્ણય અંગે નંદિનીએ જણાવ્યું કે તેનાં માતાપિતાએ તેને ઘણો સહકાર આપ્યો છે. તેણે એક વખત બધા જમવા બેઠાં હતાં ત્યારે આ નિર્ણય અંગે પોતાના માતા-પિતાને કહ્યું અને આ એક ચર્ચાનો વિષય બની ગયો હતો. એ ઘટના યાદ કરતા નંદિનીએ કહ્યું, ''એ દિવસે મેં દેવદાસ જોઈ હતી. ઐશ્વર્યાની સુંદરતાથી હું અચંભિત થઈ ગઈ હતી. મેં મારી માને પુછ્યું હતું કે એ કોણ છે, મને જવાબ મળ્યો હતો કે એ મિસ વર્લ્ડ છે. મારા માટે એ બાબત નવી




હતી. ત્યારે મારી માએ મને સમજાવ્યું કે કઈ રીતે પહેલાં તેમણે રાજ્યનું પ્રતિનિધિત્વ કરવાનું હોય છે અને પછી દેશનું પ્રતિનિધિત્વ કરીને આ સ્પર્ધા જીતવાની હોય છે. એ ક્ષણ હતી, જ્યારે મેં એના જેવું બનવાનું નક્કી કર્યુ. હું ઐશ્વર્યાની સફરથી અત્યંત પ્રભાવિત થઈ હતી.'' નંદિનીએ આગળ જણાવ્યું કે તેણે જ્યારે મુંબઈ આવવાનું નક્કી કર્યુ તો તેના પિતાએ આગ્રહ કર્યો હતો કે તેણે તેના અભ્યાસમાં કમ સે કમ ૯૦ ટકા લાવવા પડશે. આજે તે એ ચર્ચાને આભારી છે કારણકે તેની પાસે બિઝનેસ મેનેજમેન્ટની ડિગ્રી પણ છે.અન્ય પિજનેન્ટ સ્પર્ધકોની જેમ નંદિની પણ આગળ જઈને એક્ટિંગ કરવા માગે છે. તેણે કહ્યું,''બિલકુલ એ મારા પ્લાનમાં છે, હું અલગ અલગ રોલ કરવા માગું છું. જોકે, હજુ મને એક્ટિંગ કે આ ઈન્ડસ્ટ્રી કેવી છે કે સમજવાની તક મળી નથી. મારે વર્કશોપ્સ લઈને પહેલાં મારી સ્કિલ્સ પર કામ કરવું છે. મને ખબર છે, કશુંય સરળ નથી. પરંતુ જો બોલિવૂડ કે સાઉથની ઈન્ડસ્ટ્રી મારા માટે એના દરવાજા ખોલે તો ક્યારેક હું નંદિનીનું પાત્ર ભજવવા માગું છું - ઐશ્વર્યાએ ભજવ્યું હતું એવું કોઈ પાત્ર ભજવવાની મારી ઈચ્છા છે.''૩૧મેએ ફાઈનલ યોજાય ત્યારે ઐશ્વર્યા મિસ વર્લ્ડ સ્પર્ધા જોવા હાજર હોય એવી નંદિનીની દિલથી ઈચ્છા છે.

# ઝાલોદ તાલુકાના ધારાસભ્ય મહેશ ભૂરીયાના અધ્યક્ષ સ્થાને નગરમાં તિરંગા યાત્રા કાઢવામાં આવી




। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ ।

ભારત દેશના કાશ્મીર સ્થિત પહલગામમા પાકિસ્તાન પ્રેરિત ઈસ્લામિક આતંકવાદીઓ દ્વારા ધર્મ અને જાતિ પૂછી ૨૬ જેટલા હિન્દુ લોકોની નિર્મમ હત્યા કરી હતી તેના પ્રત્યાઘાત રૂપે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સિંદૂર ઓપરેશન હેઠળ પાકિસ્તાન સ્થિત આતંકવાદી કેમ્પો પર હુમલા કરી આતંકવાદીને તેમની જ ભાષામાં જવાબ આપ્યો હતો. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઓપરેશન સિંદૂરને બિરદાવવા આખા દેશમાં ત્રિરંગા યાત્રા કાઢવામાં આવી રહેલ છે તેને અનુલક્ષી ઝાલોદ ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભૂરીયાના અધ્યક્ષ સ્થાને ઢોલ કુંડી સાથે ભરત ટાવર થી કાઢવામાં આવી હતી. આ યાત્રામા મોટા પ્રમાણમાં નગરજનો જોડાયેલ હતા. દેશ ભક્તિના ધુને આ યાત્રા ભરત ટાવર, સરદાર ચોક, આંબેડકર ચોક, સ્વર્ણિમ સર્કલ થઈ ઝાલોદ એ.પી.એમ.સી ના ગણેશ મંદિર ખાતે યાત્રા પૂર્ણ કરવામાં આવેલ હતી. ધારાસભ્ય મહેશ ભૂરીયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સાહસિક કદમ ને બિરદાવતા યશસ્વી વડાપ્રધાનની કામગીરીની પ્રસંશા કરેલ હતી છેલ્લે આ યાત્રામાં જોડાયેલ સમસ્ત નગરજનો તેમજ ઉપસ્થિત સહુ લોકોનો ધારાસભ્ય મહેશ ભૂરીયાએ આભાર માન્યો હતો.

# ગુજરાત સરકારના પેન્શનરો માટે સારા સમાચાર, ડાકઘરો મારફતે મફતમાં બની રહ્યું છે ડિજિટલ જીવન પ્રમાણપત્ર

## ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક અને ગુજરાત સરકારના નાણાં વિભાગ વચ્ચે થયેલા સમજૂતીથી ૫ લાખથી વધુ પેન્શનધારકોને ઘેરબેઠા જીવન પ્રમાણપત્ર માટેની સુવિધા ઉપલબ્ધ થશે



। અમદાવાદ, તા.૨૨ ।

ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાંથી નિવૃત્ત થયેલા પેન્શનરો માટે હવે જીવન પ્રમાણપત્ર માટે વેરિફિકેશન કરાવવા માટે ટ્રેઝરી, બેંક કે અન્ય કોઈ કચેરીમાં જવાની જરૂર રહી નથી. ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, ગુજરાત સરકારના નાણાં વિભાગ અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (IPPB) વચ્ચે થયેલા એક સમજૂતી કરાર (MoU) અંતર્ગત પેન્શનરોને ડિજિટલ જીવન પ્રમાણપત્ર ની સુવિધા ડાકઘરોમાં અથવા તેમના ઘરમાં મફતમાં ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ સેવાનું તમામ ખર્ચ રાજ્ય સરકાર દ્વારા વહન કરવામાં આવશે.

આ સેવા નેશનલ ઈન્ફર્મેટિક્સ સેન્ટર (NIC) દ્વારા વિકસિત 'જીવન પ્રમાણ' એપ્લિકેશન દ્વારા ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. સમગ્ર ગુજરાતમાં પોસ્ટ ઓફિસ કાઉન્ટર ઉપરાંત પોસ્ટમેન અને ગ્રામિણ ડાક સેવકોના માધ્યમથી આ સેવા ૩૧ જુલાઈ સુધી મફતમાં આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, જ્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૨૦૧૮માં સમગ્ર દેશમાં ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકનો શુભારંભ કર્યો હતો, ત્યારે મુખ્ય વિઝન હતું – "તમારા ઘરઆંગણે બેંકિંગ સેવા". એ જ દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને ડાક વિભાગ અને ગુજરાત સરકારે આ પહેલ હાથ ધરી છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય ફેસ ઓથેન્ટિકેશન ટેક્નોલોજી અને ફિંગરપ્રિન્ટ બાયોમેટ્રિક ઓથેન્ટિકેશનની ડિજિટલ પ્રક્રિયાને પ્રોત્સાહન આપવાનો છે, જેથી તમામ પેન્શનરોને, ખાસ કરીને દૂરના વિસ્તારોમાં રહેતા પેન્શનરોને સહેલાઈથી સેવા મળી શકે. આ માટે પેન્શનરને પોતાનું આધાર નંબર, મોબાઈલ નંબર તથા પેન્શન પેમેન્ટ ઓર્ડર (PPO) નંબર આપવો પડશે. જીવન પ્રમાણપત્ર જનરેશન પ્રક્રિયા પુરી થયા પછી, પેન્શનરને તેમના મોબાઈલ નંબર પર પ્રમાણ ID એસએમએસ દ્વારા મળશે અને પ્રમાણપત્ર https://jeevan-pramaan.gov.in/ppouser/login પરથી ડાઉનલોડ કરી શકાય છે. આ પહેલ પેન્શનરોની સુવિધામાં વધારો કરે છે તેમજ તેમને મુસાફરી અને સમયની મુશ્કેલીમાંથી પણ મુક્તિ આપે છે. ડિજિટલ બાયોમેટ્રિક પ્રમાણિત પ્રક્રિયા દ્વારા પેન્શનરોને થોડા જ મિનિટોમાં ડિજિટલ જીવન પ્રમાણપત્ર આપવામાં આવશે, જેની ડિજિટલ નકલ પેન્શન ઓફિસ સુધી પણ પહોંચાડી દેવામાં આવશે. આ નિર્ણયના કારણે ગુજરાત રાજ્યના ૫ લાખથી વધુ પેન્શનરોને આ સેવા મળશે. ગુજરાતના એવા પેન્શનરો જેઓ અન્ય રાજ્યોમાં રહે છે, તેઓ પણ આ સેવાનો લાભ લઈ શકશે. આ માટે તેમણે નજીકના ડાકઘર અથવા પોસ્ટમેનનો સંપર્ક કરવો પડશે.

વધુમાં, પેન્શનર હવે પોસ્ટમેન દ્વારા આધાર સક્ષમ ચુકવણી પદ્ધતિ (AEPS) નો ઉપયોગ કરીને પોતાના બેંક ખાતામાંથી પેન્શન રકમ પણ ઘરે બેઠા ઉપાડી શકે છે, જેના કારણે ડાક વિભાગની આ સેવા સંપૂર્ણ પણે સરળ અને સુવિધાજનક બની જાય છે.

# અમદાવાદના વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ સેન્ટર ખાતે આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસની ઉજવણી કરાઈ



। અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદના બોડકદેવમાં આવેલા વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ સેન્ટર ખાતે અમદાવાદના વન વિભાગ દ્વારા આંતર રાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા વન્યજીવો ક્ષેત્રોમાં કામ કરનાર તેમજ કરુણા અભિયાનમાં ભાગ લેનાર અમદાવાદની એનજીઓને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવી હતી. આ અવસરે અમદાવાદ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા જૈવ વિવિધતા પ્રત્યે જાગૃતિ ફેલાવવા અંગે તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગને ટાળવા અંગે તેમજ અને ૫ જૂનના રોજ વધુમાં વધુ વૃક્ષારોપણ કરવા માટે સૌને અપીલ કરવામાં આવી હતી.

# પર્યાવરણ પખવાડિયા અંતર્ગત વિરમગામ ખાતે પ્લાસ્ટિકના કચરાના નિકાલ માટે પ્લોગિંગ ડ્રાઇવ યોજાઇ



। અમદાવાદ, તા.૨૨ ।

પર્યાવરણ પખવાડિયા અંતર્ગત વિરમગામ નગર પાલિકાના પ્રમુખ, ચીફ ઓફિસર, કર્મચારીગણ, સખી મંડળનાં બહેનો તથા નગરજનોની ઉપસ્થિતિમાં શહીદબાગ ખાતે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવો, સિંગલ યુઝ પ્લાસ્ટિકના બદલે ટકાઉ વસ્તુઓનો ઉપયોગ કરવો, પ્લાસ્ટિક કચરાનો નિકાલ કરવા અંગે શપથ લેવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમ અંતર્ગત સેપ્ટ યુનિવર્સિટીના પ્રતિનિધિ વિરલભાઈ ચૌહાણ દ્વારા સેગ્રીગેશન તેમજ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ સાઈકલ બાબતે ઉપસ્થિત સૌને માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ અવસરે પ્લાસ્ટિકના કચરાના નિકાલ માટે પ્લોગિંગ ડ્રાઈવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# ધંધુકા તાલુકાનો મે મહિનાનો 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' યોજાયો



। અમદાવાદ, તા.૨૨ ।

ધંધુકા મામલતદાર કચેરી ખાતે મે મહિનાનો 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' યોજાયો હતો.

ધંધુકા પ્રાંત અધિકારી શ્રી વિદ્યાસાગરના અધ્યક્ષ-સ્થાને યોજાયેલા આ સ્વાગત કાર્યક્રમમાં અરજદારોના અનેક પ્રશ્નોના હકારાત્મક રીતે નિકાલ કરવામાં આવ્યા હતા. પ્રાંત અધિકારીશ્રીએ તુરંત જ સબંધિત અધિકારીઓને પ્રશ્નોના નિકાલ લાવવાની સૂચના પણ આપી હતી. આ સ્વાગત કાર્યક્રમમાં જમીન માપણી, જમીન સંપાદન, વરસાદી પાણીના નિકાલ અને ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નો જેવી સમસ્યાઓને પ્રાંત અધિકારીશ્રી દ્વારા નિરાકરણ લાવવામાં આવ્યું હતું. આ સ્વાગત કાર્યક્રમમાં ધંધુકા મામલતદાર શ્રી વિજયસિંહ ડાભી તથા જે-તે વિભાગના અધિકારી કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા.

# વિશ્વ પર્યાવરણ દિવસ પખવાડિયા અંતર્ગત વાસણા ઈયાવા, ઉપરદળ ખાતે સફાઈ અને પ્લાસ્ટિક નિકાલ અભિયાન



। અમદાવાદ, તા.૨૨ ।

વિશ્વ પર્યાવરણ દિવસ પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે, આજે અમદાવાદ જિલ્લાના વાસણા ઈયાવા, ઉપરદળ ખાતે આવેલી આંગણવાડી આસપાસ સફાઈ અભિયાન અને પ્લાસ્ટિક નિકાલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આંગણવાડી કાર્યકર બહેનોએ આ સફાઈ અભિયાનમાં જોશભેર પોતાનું યોગદાન આપ્યું હતું. આ અભિયાનનો મુખ્ય હેતુ પ્લાસ્ટિક પ્રદૂષણની હાનિકારક અસરો વિશે જાગૃતિ લાવવાનો અને સ્વચ્છ તથા સ્વસ્થ પર્યાવરણના નિર્માણ માટે સામુદાયિક ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો હતો. આંગણવાડી કાર્યકરો અને સ્થાનિક લોકોએ ઉત્સાહભેર આ સફાઈ અભિયાનમાં ભાગ લીધો હતો. આંગણવાડીની આસપાસ જમા થયેલા પ્લાસ્ટિક કચરા અને અન્ય કચરાને એકત્રિત કરીને તેનો યોગ્ય રીતે નિકાલ કરવામાં આવ્યો હતો. આ પ્રવૃત્તિ દ્વારા બાળકો અને નાગરિકોમાં સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેની જવાબદારીની ભાવના પણ કેળવવામાં આવી હતી. અમદાવાદ જિલ્લામાં ચાલી રહેલા પર્યાવરણ દિવસ પખવાડિયું "એન્ડિંગ પ્લાસ્ટિક પોલ્યુશન ગ્લોબલી" થીમ પર કેન્દ્રિત છે. આવા પ્રયાસો દ્વારા સ્થાનિક સ્તરે સ્વચ્છતા અને પર્યાવરણીય જાગૃતિ વધારવામાં મદદ મળે છે, જે એક સ્વચ્છ અને હરિયાળા ભવિષ્ય માટે અત્યંત આવશ્યક છે.

# દેત્રોજ, સાણંદ, દસ્ક્રોઈ અને બાવળા તાલુકાનાં આંગણવાડી કેન્દ્રો ખાતે ત્રણથી છ વર્ષના બાળકો માટે પાલક કાર્યક્રમ યોજાયો



। વડોદરા, તા.૨૨ ।

અમદાવાદ જિલ્લાના દેત્રોજ, સાણંદ, દસ્ક્રોઈ અને બાવળા તાલુકાનાં વિવિધ આંગણવાડી કેન્દ્રો ખાતે ત્રણથી છ વર્ષનાં બાળકો માટે પાલક કાર્યક્રમ યોજાયો હતો.

આ બાળક પાલક કાર્યક્રમ અંતર્ગત આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને કલર કામ, ચીટક કામ, છાપકામ પ્રવૃત્તિ વગેરે કરાવવામાં આવ્યું હતું. બાળકો માટે કાગળનું છાપકામ, પાંદડાનું ચીટકકામ, ફાડકામ, કાગળની ગોળીઓ બનાવવી, ફૂલની પરોવણી કરવી, પથ્થરની રંગોળી બનાવવી અને ખાલી બોટલમાં રેતી ભરવા જેવી પ્રવૃત્તિઓનું બાળકોના માનસિક અને શારીરિક વિકાસ અર્થે આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં બાળકો સાથે અન્નપ્રાશન દિવસ અને બાળદિનની ઉજવણી પણ કરવામાં આવી હતી. બાળકોના વાલીઓ સાથે મિટિંગનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

આ બાળક પાલક સર્જન કાર્યક્રમમાં ગામના ગામના સરપંચશ્રી, નર્સ, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, ફિલ્ડ વર્કર, મુખ્ય સેવિકા બહેનો, પીએસઈ મહિલા સભ્યો તેમજ ત્રણથી છ વર્ષનાં બાળકોના વાલીઓ હાજર રહ્યાં હતાં.

# જિલ્લા કલેક્ટર શ્રી સુજીત કુમારના અધ્યક્ષસ્થાને યોજાયો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ



। અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ ખાતે મે માસનો જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ કલેક્ટર કચેરી ખાતે યોજાયો હતો. આ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા કલેક્ટર શ્રી સુજીત કુમારના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

જિલ્લા કક્ષાના આ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં કુલ ૧૩ જેટલા અરજદારો હાજર રહ્યા હતા. તમામ અરજદારોની સમસ્યાને કલેક્ટરશ્રીએ ધ્યાન પૂર્વક સાંભળી હતી. આ ઉપરાંત તેમણે વિવિધ અરજદારો ના પ્રશ્નો સંદર્ભે જે-તે વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી અને ચોક્કસ સમયમાં પ્રશ્નોના નિકાલ લાવવાની સૂચના પણ આપી હતી. જિલ્લા કલેક્ટર શ્રીએ તમામ અરજદારોની સમસ્યા સાંભળી નિયત સમયમાં હકારાત્મક ઉકેલ લાવવાની ખાતરી પણ આપી હતી.

આ સ્વાગત કાર્યક્રમમાં ૧૩ જેટલા અરજદારોના વિવિધ પ્રશ્નો જેવા કે, પાણી અને ગટરલાઈન નાખવા બાબત, બિન અધિકૃત દબાણ દૂર કરવા બાબત, માર્ગોની બિસ્માર હાલત બાબત, ગેરકાયદેસર બાંધકામ તોડવા બાબત, ફૂટપાથ બનાવવા બાબત, રી-સર્વે રેકર્ડ અરજીના નિકાલમાં વિલંબ થવા બાબત જેવા અનેક પ્રશ્નોનો કલેક્ટરશ્રીએ સ્થળ પર જ ત્વરિત નિકાલ કર્યો હતો. પોતાની સમસ્યાનું નિરાકરણ આવતા તમામ અરજદારોના ચહેરા પર સ્મિત જોવા મળ્યું હતું. અને તમામ અરજદારોએ સ્વાગત કાર્યક્રમની પહેલને બિરદાવી સરકાર તથા જિલ્લા વહીવટી તંત્રનો આભાર માન્યો હતો. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે સહિતના સબંધિત વિભાગના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારનો સ્વાગત કાર્યક્રમ એ જનસામાન્યના પ્રશ્નોનું સુખદ સમાધાન લાવવાનું માધ્યમ બની ગયો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે. યાદ રાખો આપણે અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ દ્વારા જ આપણા જીવનને અર્થસભર બનાવીએ છીએ.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. મતભેદોને કારણે અંગત સંબંધો તૂટી શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે સવારે કરવામાં આવેલ યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે.

**સિંહ (મ,ટ) :**

સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. સાવધાન રહો કેમ કે કોઈક તમારી છબીને બટ્ટો લગાડવાની કોશિષ કરી શકે છે. ઓફિસ માં આજ તમારે સ્થિતિ ને સમજી ને વર્તન કરવું જોઈએ? જો બોલવાનું જરૂરી ના હોય તો શાંત રહો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. તમારો પ્રેમ સંબંધ જાદુઈ થઈ રહ્યો છે, બસ તેની અનુભૂતિને માણો.

**તુલા (ર,ત) :**

આજે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. જો આખા પરિવારનો સમાવેશ થતો હોય તો મનોરંજન ખરેખર રસપ્રદ સાબિત થશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારા વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. સાંજના સમયે એકાએક મળેલા સારા સમાચાર આખા પરિવાર માટે ખુશી તથા હર્ષોલ્લાસ લાવશે. ગુપ્ત બાબતો તમારી પ્રતિષ્ઠાને હાનિ કરી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે કોઈ વાત પર નિરાશ ન થાવ. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમારી સિદ્ધિઓ તમારા પરિવારના સભ્યોનું મનોબળ વધારશે અને તમારી પ્રતિષ્ઠામાં એક નવા ઘરેણાનો વધારો થશે. તમારી જાતને અન્યો માટે રૉલ મૉડૅલ બનાવવા માટે સખત મહેનત કરો.

**મકર (ખ,જ) :**

આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? કામનું ટૅન્શન તમારા મગજને ઘેરી વળશે જેને કારણે તમારી પાસે પરિવાર તથા મિત્રો માટે સમય નહીં બચે. તમારૂં પ્રેમ જીવન આજે તમને કશુંક ખરેખર અદભુત આપશે. વ્યાપારી ભાગીદારો સહકારપૂર્વક વર્તશે અને તમે સાથે મળીને અધૂરાં કાર્યો પૂરાં કરશો.

**કુંભ (ગ,શ,સ) :**

આજે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આર્થિક જીવન ની સ્થિતિ આજે સારી નહિ કહી શકાય? જયારે બચત કરવા માં મુશ્કેલી આવી શકે છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. આખા બ્રહ્માંડની તમામ ખુશીઓ એ બે વ્યક્તિઓ વચ્ચે હોય છે જેઓ એકમેકના પ્રેમમાં હોય છે.

## અમેરિકામાં વધુ એક ગુજરાતી યુવકની હત્યા



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૨ ।

અમેરિકાથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અહીં મૂળ ગુજરાતના ગાંધીનગર જિલ્લામાં આવેલા કલોલ તાલુકાના ડિંગૂચા ગામના એક યુવકની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. મૃતક ગુજરાતી યુવકની ઓળખ પરેશ પટેલ તરીકે થઈ હતી જે ઘટનાસ્થળે જ મૃત્યુ પામી ગયા હતા. પ્રાથમિક અહેવાલો અનુસાર પરેશ પટેલ એક સ્ટોરમાં કામ કરતો હતો. ત્યારે લૂંટના ઈરાદે આવેલા હુમલાખોરે તેને સીધી ગોળી મારી દીધી હતી અને લૂંટ ચલાવી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. હાલ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે પરેશ છેલ્લા ૧૦ વર્ષથી અમેરિકામાં રહેતો હતો અને ત્યાં જ નોકરી કરતો હતો. ઘટનાની જાણ થતાં સમગ્ર પંથકમાં સોંપો પડી ગયો છે અને પરિજનો પણ આઘાતમાં સરી ગયા હતા.

## ભારતે એક વર્ષમાં ૧૮,૨૦૦ હેક્ટર પ્રાથમિક જંગલ ગુમાવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ભારતમાં, ૨૦૨૪માં ૧૮,૨૦૦ હેક્ટર પ્રાથમિક જંગલ નાશ પામ્યા હોવાનો ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો છે. ૨૦૨૩માં આ આંકડો ૧૭,૭૦૦ હેક્ટર હતો. આ માહિતી ૧૦૦થી વધુ સંસ્થાઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલા નવીનતમ ડેટામાંથી પ્રાપ્ત થઈ છે. ગ્લોબલ ફોરેસ્ટ વોચ (GFU)અને યુનિવર્સિટી ઓફ મેરીલેન્ડ દ્વારા પૂરા પાડવામાં આવેલા ડેટા અનુસાર ૨૦૦૧થી દેશમાં ૨.૩૧ લાખ હેક્ટર વૃક્ષ આવરણ ઘટ્યું છે જે આ સમયગાળા દરમિયાન ૭.૧ ટકા વૃક્ષ આવરણ ઘટવા બરાબર છે અને તેના કારણે લગભગ ૧.૨૯ ગીગાટન કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન થયું છે. GFWએ જણાવ્યું હતું કે દેશમાં ૨૦૦૨થી ૨૦૨૪ની વચ્ચે ૩,૪૮,૦૦૦ હેક્ટર ભેજવાળા પ્રાથમિક જંગલો ગુમાવ્યા છે, જે દેશના કુલ ભેજવાળા પ્રાથમિક જંગલોના લગભગ ૫.૪ ટકા છે. આ જ સમયગાળા દરમિયાન ભારતના કુલ વૃક્ષ આવરણના નુકસાનના ૧૫ ટકા છે. ૨૦૧૯ અને ૨૦૨૪ની વચ્ચે ભારતે ૧,૦૩,૦૦૦ હેક્ટર (૧.૬ ટકા) ભેજવાળા પ્રાથમિક જંગલ ગુમાવ્યા, જે તે વર્ષોમાં થયેલા કુલ વૃક્ષ આવરણના ૧૪ ટકા છે. ડેટા દર્શાવે છે કે દેશમાં ૨૦૨૨માં ૧૬,૯૦૦ હેક્ટર ભેજવાળા પ્રાથમિક જંગલ, ૨૦૨૧માં ૧૮,૩૦૦ હેક્ટર, ૨૦૨૦માં ૧૭,૦૦૦ હેક્ટર અને ૨૦૧૯માં ૧૪,૫૦૦ હેક્ટર ગુમાવ્યા હતા.

### સ્ટોરના કર્મચારીઓ નોન-ઈમિગ્રન્ટ વિઝા અપાવવા તરકટ રચ્યું હતું

# USમાં લૂંટનું નાટક કરી વિઝા ફ્રોડ બદલ મૂળ ગુજરાતી યુવક દોષિત

। (એજન્સી) હ્યુસ્ટન, તા.૨૨ ।




અમેરિકાના વિવિધ રાજ્યોમાં લૂંટનું નાટક કરી લોકોને ખોટી રીતે અમેરિકન ઈમિગ્રેશનના લાભો અપાવવામાં મદદ કરનારા મૂળ ગુજરાતી રામભાઈ પટેલ (૩૭)ને અહીંની એક અદાલતે કસૂરવાર ઠેરવ્યો છે. પટેલની સજાની સુનાવણી ૨૦ ઓગસ્ટે હાથ ધરાશે. અમેરિકન વકીલના જણાવ્યાં અનુસાર, પટેલ અને તેના સાગરીતોએ અમેરિકાના વિવિધ રાજ્યોમાં આવેલા ગ્રોસરી સ્ટોર્સ, રેસ્ટોરાં અને કન્વેયન્સ સ્ટોર્સમાં ઓછામાં ઓછી ૯ લૂંટ કર્યાનું તરકટ ઉભું કર્યુ હતું. આ લૂંટ પાછળનો આરોપ ીઓનો હેતુ હિંસક અપરાધોનો માહોલ ઉભું કરવાનો હતો જેથી આ સ્ટોર્સમાં કામ કરતાં ક્લાર્ક્સ અથવા માલિકો, આવા ગુનાઓનો ભોગ બનેલાં પીડિતોને અપાતા યુ નોનઈમિગ્રન્ટ્સ સ્ટેટસ (યુ વિઝા) માટે અરજી કરી શકે. આ તમામ બનાવટી લૂંટની શરૂઆત માર્ચ, ૨૦૨૩થી કરાઈ હતી. તમામ ઘટનાઓના સર્વેલન્સ ફૂટેજની ચકાસણી કરતાં તેમાં નકલી લૂંટારાઓ સ્ટોર્સમાં હથિયારો દેખાડી રોકડ ચોરી નાસી જતાં હોવાનું દેખાયું હતું.આ હુમલાના પીડિતો કે જેમણે પટેલને આવા એક કેસમાં ૨૦૦૦૦ ડોલર આપ્યાં હતાં, તેઓ આ હુમલાની ફરિયાદ પોલીસમાં કરતાં હતાં. ત્યારબાદ તેઓ તેમની સાથે થયેલી લૂંટની ઘટનાના આધારે પીડિત હોવાનો દાવો કરી યુ વિઝા માટે અરજી કરતાં હતાં. પટેલને ઓછામાં ઓછી પાંચ વર્ષની જેલ અને ૨.૫૦ લાખ ડોલરનો દંડ થાય તેવી શક્યતા છે. એટલું જ નહીં તેની સજા પૂર્ણ થયાં બાદ તેનો દેશ નિકાલ કરાય તેવી પણ પ્રબળ શક્યતા છે. આ કેસની તપાસ એફબીઆઈ ઉપરાંત અમેરિકાના ઈમિગ્રેશન વિભાગ દ્વારા માસાચુસેટ્સ, પેન્સિલવેનિયા સહિતના રાજ્યોમાં કરાઈ હતી.

### જાતિવાદ-નરસંહારનો આરોપ મૂક્યો

# ડોનાલ્ડ ટ્રમ્પ ઝેલેન્સ્કીની જેમ દક્ષિણ આફ્રિકાના પ્રમુખ સાથે બાખડી પડ્યાં

## ડોનાલ્ડ ટ્રમ્પે સિરિલ રામાફોસા પર આરોપ લગાવતા કહ્યું કે તમારા કાર્યકાળમાં દ. આફ્રિકામાં શ્વેત ખેડૂતોનો નરસંહાર થઈ રહ્યો છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૨ ।

વ્હાઈટ હાઉસમાં ફરી એકવાર ઈતિહાસનું પુનરાવર્તન થયું છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વ્હાઈટ હાઉસમાં જ દ.આફ્રિકાના પ્રમુખ સિરિલ રામાફોસા સાથે બાખડી પડ્યા હતા. બંને પ્રમુખ વચ્ચે એ જ રીતે ઉગ્ર દલીલો થઈ હતી જે રીતે થોડા મહિના અગાઉ યુક્રેન પ્રમુખ ઝેલેન્સ્કી અને ટ્રમ્પ વચ્ચે જ થઈ હતી. દ.આફ્રિકાના પ્રમુખ રામાફોસા ૧૯મેના રોજ વોશિંગ્ટન પહોંચ્યા હતા. તેમના આ પ્રવાસનો ઉદ્દેશ્ય આફ્રિકા અને અમેરિકાના વચ્ચેના સંબંધમાં નવા પ્રાણ ફૂંકવાનો હતો પણ વ્હાઈટ હાઉસમાં મીટિંગ વચ્ચે ટ્રમ્પે અચાનક રામાફોસાને જાતિવાદ મુદ્દે ઘેરવાનું શરૂ કર્યું. ટ્રમ્પે સિરિલ રામાફોસા પર આરોપ લગાવતા કહ્યું કે તમારા કાર્યકાળમાં દ.આફ્રિકામાં શ્વેત ખેડૂતોનો નરસંહાર થઈ રહ્યો છે અને તમે તમાશો જોઈ રહ્યા છો. જોકે જેવા રામાફોસાએ આ આરોપો ફગાવ્યા તો ટ્રમ્પે બિગ સ્કીન પર વીડિયો બતાવવાનું શરૂ કર્યું. વીડિયોમાં દાવો કરાયો હતો કે દ.આફ્રિકામાં હજારો શ્વેત ખેડૂતોની હત્યા કરાઈ છે. ટ્રમ્પે નરસંહારનો આરોપ મૂક્યો આ દરમિયાન ટ્રમ્પે અમુક મીડિયામાં છપાયેલા લેખની કોપીઓ પણ સિરિલ રામાફોસાને બતાવી હતી જેમાં આફ્રિકામાં શ્વેત ખેડૂતોના નરસંહારનો દાવો કરાયો હતો. રામાફોસાને આ કોપી બતાવતા ટ્રમ્પે ભારપૂર્વક કહ્યું કે Death, Death... જેના પછી માહોલ તણાવપૂર્ણ થઈ ગયો હતો. ટ્રમ્પના આ આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢતા સિરિલ રામાફોસાએ કહ્યું કે આફ્રિકામાં હિંસા વધી છે અને તમામ જાતિઓ અને વર્ગો તેની સામે સંઘર્ષ કરી રહ્યા છે.



શ્રીનગરના ઘંટા ઘર ખાતે ભારતીય સશસ્ત્ર દળો સાથે એકતા દર્શાવવા માટે આયોજિત 'તિરંગા બાઇક રેલી'માં ભાજપના નેતાઓ અને કાર્યકરો ભાગ લીધો હતો.

## ચેકથી IPO માટે અરજી કરશો તો નહીં સ્વીકારાય

। નવી દિલ્હી, તા.૨૨ ।

સગીર વયના બાળકના ખાતામાંથી ચેક ફાડીને બોરોનાના ઈનિશ્યલ પબ્લિક ઓફરમાં અરજી કરનારની અરજીને સ્વીકારવાનો જ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની નારાયણનગર અને ચંદ્રનગર શાખાના અધિકારીઓએ ઈનકાર કરી દીધો છે. SBIનો વિચિત્ર નિર્ણયઃ સગીરના બેન્કખાતાના, તેમણે એવી દલીલ કરી હતી કે સગીર વયના ખાતેદારના ખાતામાંથી ચેક ફાડીને આઈપીઓમાં અરજી કરી શકાય જ નહિ. સગીરના બેન્ક ખાતાના ચેકથી આઈપી ઓ માટે અરજી કરશો તો સ્વીકારવામાં નહીં આવે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની નારાયણ નગર બ્રાન્ચના સર્વિસ મેનેજર દીપક ઠાકોરે સગીરવયના બાળકના ખાતેમાંથી ઈશ્યૂ કરવામાં આવેલા ચેક સાથેની પબ્લિક ઈશ્યૂ માટેની અરજી સ્વીકારવાનો ઈનકાર કરી દીધો હતો. અરજી કરનાર અંકીલ શાહને આ સંદર્ભમાં સ્ટોક એક્સચેન્જના સત્તાવાળાઓનો સંપર્ક સાધવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે તમે આ અંગે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયામાં ફરિયાદ કરી શકો છો.

# ખ્રિસ્તી કાયદા મુજબ લગ્ન કર્યા તો SC જાતિનો દરજ્જો રદ થશે

## કન્યાકુમારીમાં થેરુર ટાઉન પંચાયતના વર્તમાન પ્રમુખને ગેરલાયક ઠેરવતી વખતે જસ્ટિસ એલ વિક્ટોરિયા ગૌરીએ આ વાત કહી હતી

। (એજન્સી) ચેન્નઈ, તા.૨૨ ।

જો કોઈ વ્યક્તિ ખ્રિસ્તી ધર્મ અપનાવે છે, તો તે અનુસૂચિત જાતિનો દરજ્જો જાળવી શકતો નથી અને અનામત લાભોનો દાવો કરી શકતો નથી, તેવું એક કેસની સુનાવણી દરમિયાન મદ્રાસ હાઈકોર્ટે જણાવ્યું હતું. કોર્ટે એવું પણ કહ્યું કે, જ્યારે કોઈ વ્યક્તિ ભારતીય ખ્રિસ્તી લગ્ન અધિનિયમ હેઠળ સ્વેચ્છાએ લગ્ન કરવા સંમત થાય છે, ત્યારે લગ્ન પછી તે વ્યક્તિને ખ્રિસ્તી ગણવામાં આવશે. એનો અર્થ એ કે એવું માનવામાં આવશે કે તેણે પોતાનો મૂળ ધર્મ છોડી દીધો છે. કન્યાકુમારીમાં થેરુર ટાઉન પંચાયતના વર્તમાન પ્રમુખને ગેરલાયક ઠેરવતી વખતે જસ્ટિસ એલ વિક્ટોરિયા ગૌરીએ આ વાત કહી હતી. કેસની વિગતો એવી છે કે, અમુથા રાની, જે મૂળ અનુસૂચિત જાતિની હતા, તેમણે ૨૦૦૫માં એક ખ્રિસ્તી પુરુષ સાથે લગ્ન કર્યા હતા. તેમ છતાં તેમણે ૨૦૨૨માં અનુસૂચિત જાતિ માટે અનામત થેરુર ટાઉન પંચાયત પ્રમુખ પદ માટે ચૂંટણી લડ્યા અને જીત્યા હતા. ડીએમકે સભ્ય વી. અયપ્પને અમુથાની પાત્રતાને પડકારતી અરજી દાખલ કરી હતી. જેમાં એવું કહેવામાં આવ્યું હતું કે ધર્માંતરણ પછી, તેઓ હવે અનુસૂચિત જાતિ અનામત માટે પાત્ર નથી. જસ્ટિસ એલ. વિક્ટોરિયા ગૌરીએ શોધી કાઢ્યું કે અમુથા રાનીએ ૨૦૦૫માં ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હતો. તેમના લગ્ન ભારતીય ખ્રિસ્તી લગ્ન અધિનિયમ ૧૮૭૨ હેઠળ થયા હતા.

### ૫૦ ફ્લાઇટ્સ મોડી પડી, વાહનવ્યવહાર પણ પ્રભાવિત

# દિલ્હીમાં વાવાઝોડાં અને વરસાદને કારણે નવ લોકોએ ગુમાવ્યાં જીવ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

દિલ્હી સહિત ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં બુધવારે રાત્રે હવામાન અચાનક બદલાઈ ગયું છે. ભારે વરસાદ અને વાવાઝોડાને કારણે જનજીવન પ્રભાવિત થયું હતું. તેમજ ઘણા વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે તેમજ વાવાઝોડાને કારણે વૃક્ષો, હોર્ડિંગ્સ અને બોર્ડ પડી ગયા હોવાથી ટ્રાફિકજામની સમસ્યા સર્જાઈ હતી. દિલ્હીના સફદરજંગમાં ૭૯ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. ગાઝિયાબાદમાં જોરદાર વાવાઝોડા પછી વરસાદ પડ્યો. જ્યારે ઘણા વિસ્તારોમાં કરા પણ પડ્યા હતા. બાગપતમાં પણ ભારે વાવાઝોડા અને વરસાદ સાથે કરા પડ્યા. એનસીઆરમાં અડધો ડઝન લોકોનાં મોત થયાં. આ અકસ્માતોમાં દિલ્હીમાં બે, ગાઝિયાબાદમાં ત્રણ અને નોઈડામાં બે લોકોના મોત થયા છે.વાવાઝોડાને કારણે દિલ્હી એરપોર્ટ પર વિમાનોનું લેન્ડીંગ મુશ્કેલ બન્યું. આ સમયગાળા દરમિયાન, ૧૧ ફ્લાઈટ્સ જયપુર તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. તેમજ ૫૦ ફ્લાઈટ્સ મોડી પડી હતી. દિલ્હી ડિવિઝનમાં વાયર તૂટવા અને વૃક્ષો પડવાને કારણે ૧૪ ટ્રેનો પ્રભાવિત થઈ હતી. દિલ્હી-હાવડા સેક્શન પર ૩૦ કિલોમીટરની ઝડપે ટ્રેનો દોડાવવામાં આવી હતી. તોફાનને કારણે દિલ્હી-એનસીઆરમાં ઘણી જગ્યાએ મેટ્રો પણ રોકવી પડી. દિલ્હીમાં વાવાઝોડા અને ભારે વરસાદના કારણે વીજળીનો થાંભલો પડી જવાથી એક દિવ્યાંગ વ્યક્તિનું મોત થયું છે, વાવાઝોડાના કારણે ઝાડ પડી જતા તેના નીચે દબાઈને ત્રણ વ્યક્તિના મોત થયું છે, વરસાદમાં દીવાલ ધરાશાયી થતા તેની નીચે દબાઈને ત્રણ લોકોના મોત, વરસાદ દરમિયાન વીજળી પડવાથી ગભરાઈને એક મહિલા ગટરમાં પડી જતા મોત.

## વિશેષ

### સુવિધાઓથી સજ્જ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ વહીવટી સંકુલનું કરાયું લોકાર્પણ

# વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે થરાદ ખાતે રૂ.૧૩.૨૮ કરોડના ખર્ચે નવનિર્મિત વહીવટી બિલ્ડિંગનું લોકાર્પણ







। (માહિતી) બનાસકાંઠા ।

વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે થરાદ ખાતે રૂ.૧૩.૨૮ કરોડના ખર્ચે નવનિર્મિત વહીવટી બિલ્ડિંગનું લોકાર્પણ કરાયું હતું. વિવિધ સુવિધાઓથી સજ્જ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ વહીવટી સંકુલનું અધ્યક્ષશ્રીના હસ્તે લોકાર્પણ કરાયું હતું. થરાદ ખાતે આયોજિત કાર્યક્રમમાં અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા થરાદ પંથકના વિકાસ માટે અનેક કાર્યો કર્યા છે. રાજ્ય સરકાર હર હંમેશા ખેડૂતોના પડખે રહીને છેવાડાના વ્યક્તિની ચિંતા કરી છે. તેમણે ખેડૂતોને અપીલ કરી હતી કે, એક એક ટીપુ પાણી બચાવીએ અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના કેચ ધ રેઈન અભિયાનને સફળ બનાવીએ. ગામનું પાણી ગામમાં તથા સીમનું પાણી સીમમાં રહે તે માટે જળ સંચય સહિતના કાર્યો કરવા ખેડૂતોને તેમણે આહવાન કર્યું હતું. વિધાનસભાના અધ્યક્ષશ્રીએ ખેડૂતોને અપીલ કરી હતી કે, તેઓ વધુમાં વધુ સૂક્ષ્મ પિયત પદ્ધતિનો ઉપયોગ કરે જેનાથી જમીનમાં આવતો ક્ષાર અટકાવી શકાય તથા આપણી જમીનને બચાવી શકાય. તેમણે નર્મદા નિગમને પિયાવો ફરજિયાત આપવા અપીલ કરી હતી. દરેક ખેડૂતે પાણી માટે નર્મદા નિગમમાં નાણાં જમા કરાવવા એ આપણી ફરજ હોવાનું જણાવ્યું હતું. આ સાથે અધ્યક્ષશ્રીએ જાહેરાત કરતા જણાવ્યું કે, રાજ્ય સરકારશ્રી અને ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા તારીખ ૨૨ મે ૨૦૨૫ના રોજ વાવ થરાદ વિસ્તારની બ્રાંચ કેનાલમાં નર્મદાનું પાણી છોડવામાં આવશે જેથી કરીને ઉનાળાની ગરમીમાં પશુ - પક્ષી અને ખેડૂતોને ફાયદો મળી રહેશે. તેમણે માઁ નર્મદાનું પાણી એ પાણી નહીં પરંતુ પ્રસાદ છે તેમ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, અધિક્ષક ઈજનેરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિમીટેડ, થરાદ હસ્તક ૩ વિભાગીય કચેરી તથા ૧૬ પેટા વિભાગીય કચેરીઓ કાર્યરત છે. જેમાં કુલ ૧૮૭ અધિકારી/કર્મચારીઓનું મહેકમ મંજુર થયેલ છે. થરાદ વર્તુળ હેઠળ નર્મદા વહીવટી સંકુલનું કુલ રૂ.૧૩.૨૮ કરોડના ખર્ચે વર્ષ-૨૦૨૩માં કામગીરી ચાલુ કરાઈ હતી જેનું લોકાર્પણ કરાયું છે. થરાદ વર્તુળ કચેરી હેઠળ ૬ બ્રાન્ચ અને ૩ ડાયરેક્ટ ડીસ્ટ્રીનો સમાવેશ થાય છે. જેના થકી બનાસકાંઠા જિલ્લાના થરાદ, વાવ, ભાભર, સુઈગામ વિસ્તારનો કુલ કમાન્ડ ૧,૩૦,૦૦૦ હેક્ટરથી વધુ વિસ્તારને સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ કાર્યક્રમમાં વાવ ધારાસભ્યશ્રી સ્વરૂપજી ઠાકોર, નર્મદા નિગમના ડાયરેક્ટરશ્રી કે.એ.પટેલ, મુખ્ય ઈજનેરશ્રી એન. વી. કોટવાલ, અધિક્ષક ઈજનેરશ્રી એસ.પી.પટેલ, પૂર્વ સાંસદશ્રી પરબતભાઈ પટેલ, થરાદ પ્રાંત અધિકારીશ્રી તુષાર જાની,જિલ્લા અગ્રણીશ્રી કનુભાઈ વ્યાસ સહિત સહકાર ક્ષેત્રના આગેવાનો, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### ઈ-ગવર્નન્સ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ પસંદગી

# પલસાણા ગ્રામ પંચાયતે સુરત જિલ્લા સહિત સમગ્ર ગુજરાતને અપાવ્યું ગૌરવ

### દેશની ૧.૪૪ લાખ ગ્રામ પંચાયતોમાંથી પલસાણા ગ્રામ પંચાયતની નેશનલ ઈ-ગવર્નન્સ એવોર્ડ માટે પસંદગી થઇ

। (એજન્સી) સુરત, તા.૨૨ ।

પલસાણા ગ્રામ પંચાયતે સુરત જિલ્લા સહિત સમગ્ર ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. ઈ-ગવર્નન્સ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ દેશની ૧.૪૪ લાખ ગ્રામ પંચાયતોમાંથી ગુજરાતની પલસાણા ગ્રામ પંચાયતની નેશનલ ઈ-ગવર્નન્સ એવોર્ડ માટે પસંદગી થઈ છે. ગુજરાત અને સમગ્ર દેશમાં ઈ-ગવર્નન્સમાં અનેરી સિદ્ધિ હાંસલ કરનાર પલસાણા ગ્રામ પંચાયતને વિશેષ શ્રેણી **“GrassroO Level Initiatives for Deepening/Widening of Service Delivery”** માટે આ એવોર્ડ આપવામાં આવશે. જે વિશાખાપટ્ટનમ ખાતે યોજાનાર ‘૨૮મી નેશનલ ઈ-ગવર્નન્સ કોન્ફરન્સ’ દરમિયાન કેન્દ્ર સરકારના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં એનાયત કરવામાં આવશે. પલસાણા ગ્રામ પંચાયતે લોકસેવા પહોંચાડવાની પદ્ધતિમાં ડિજિટલ રૂપાંતર લાવીને પારદર્શિતા, ઝડપ અને કાર્યક્ષમતા વધારવાનું કાર્ય કર્યું છે. ઈ-ગવર્નન્સના માધ્યમથી સ્થાનિક નાગરિકોને સુગમ અને અસરકારક સેવાઓ સુલભ બનાવી છે, જેને કારણે આ ગામ દેશભરમાં ઉદાહરણરૂપ બન્યું છે. પલસાણા ગ્રામ પંચાયત દ્વારા ૧00% વેરા વસુલાતની કામગીરી ઓનલાઈન કરવામાં આવે છે. વધુમાં ગ્રામ પંચાયત કક્ષાએ વી.સી.ઈ. અને તલાટી દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન અંદાજિત ૧૭૪૮૪ જેટલી ઓનલાઈન સેવાઓ ગ્રામજનોને પૂરી પાડવામાં આવી હતી. **“Secure Palsana”** અંતર્ગત પલસાણા ગ્રામ પંચાયતે ગામમાં વિવિધ જગ્યાએ અંદાજે ૭૫ જેટલા સી.સી.ટી.વી કેમેરાની ગોઠવણી કરી છે. ગ્રામ પંચાયત દ્વારા ડોર -ટુ-ડોર વેસ્ટ કલેક્શનની કામગીરી નમૂનેદાર છે. ગ્રામજનો માટે હાલમાં ઈ-લાયબ્રેરીનું નિર્માણ થઈ રહ્યું છે. સરપંચ પ્રવીણભાઈ આહિર અને ઉપસરપંચ પરેશભાઈ મૈસુરીયાના અથાગ પ્રયત્નો અને ગ્રામજનોના હિતને સર્વોપરી રાખીને કામ કરવાની ભાવના થકી ગ્રામ પંચાયત પલસાણા આ એવોર્ડ માટે હક્કદાર બન્યું છે.

## ધોરાજીના યુવકને માછીમારી દરમિયાન કરંટ લાગતાં મોત

। (એજન્સી) રાજકોટ, તા.૨૨ ।

રાજકોટના ધોરાજીમાં આવેલી ભાદર નદીમાં માછીમારી કરવા ગયેલા યુવકને કરંટ લાગતાં કરૂણ મોત નીપજ્યું છે. ૧૮ વર્ષીય યુવકના મોતથી અરેરાટી વ્યાપી જવા પામી હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ, નગર પાલિકાની ટીમ તથા ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને બહાર કાઢ્યો હતો. ત્યારબાદ યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ધોરાજીમાં આવેલી નદીમાં માછીમારી મારવા કરેલા ૧૮ વર્ષના યુવકને કરંટ લાગતાં મોત નીપજ્યું હતું. યુવકની ઓળખ વિશાલકુમાર સાની તરીકે કરવામાં આવી છે. યુવક હોડીમાંથી ઝાળ ઉંચી કરવા જતાં ઉપરથી પસાર થતી ૧૧કેવી લાઈનને અડકી ગયો હતો અને ઘટનાસ્થળે તેનું મોત નીપજ્યું હતું.

# અમદાવાદમાં અસ્થાયી રૂપે બંધ મેટ્રો સેવા ફરી શરૂ

### બુધવારે મોડી રાત્રે કેબલ ચોરી થવાના કારણે વહેલી સવારથી જ એપરલ પાર્કથી જૂની હાઇકોર્ટ વચ્ચે ટ્રેન સેવા પ્રભાવિત થઈ હતી

। અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ મેટ્રોમાં મુસાફરી કરનારા લોકો માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ગુરુવારે (૨૨ મે) વહેલી સવારથી બંધ એપરલ પાર્કથી શાહપુર સુધીની મેટ્રો સેવા ફરી શરુ કરવામાં આવી છે. બુધવારે રાત્રે વીજ પુરવઠો પૂરો પાડતાં કેબલની ચોરી થવાના કારણે આ રૂટ અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યો હતો. જોકે, હવે ફરી તેને રાબેતા મુજબ શરુ કરી દેવાયો છે.

મેટ્રો વિભાગે આપેલી માહિતી અનુસાર, અમદાવાદ મેટ્રોના ઈસ્ટ-વેસ્ટ કોરિડોરમાં શાહપુરથી જૂની હાઈકોર્ટ સેક્શન વચ્ચે બુધવારે મોડી રાત્રે કેબલ ચોરી થવાના કારણે વહેલી સવારથી જ એપરલ પાર્કથી જૂની હાઈકોર્ટ વચ્ચે ટ્રેન સેવા પ્રભાવિત થઈ હતી. જોકે, વસ્ત્રાલ ગામથી એપરલ પાર્ક અને જૂની હાઈકોર્ટથી થલતેજ ગામ સુધીની ટ્રેન સેવા પણ ટેક્નિકલ ખામીના કારણે બંધ કરવામાં આવી હતી. જોકે, ઉત્તર-દક્ષિણ કોરિડોરમાં ટ્રેન સેવાને કોઈ અસર થઈ નહતી. અમદાવાદ પોલીસ અને પ્ઇઝન્ના સ્ટાફની મદદથી કર્મચારીઓએ ૧૩:૨૬ વાગ્યે કેબલ બદલી અસ્થાયી રૂપે બંધ સેવાને ફરી નિયમિત ટાઈમટેબલ મુજબ ૧૩:૩૭ વાગ્યે પૂર્વ-પશ્ચિમ ટ્રેન સેવાને રાબેતા મુજબ શરુ કરી દેવામાં આવી છે.

### છ લાખનું ડ્રગ્સ વેચવા મહિલા સહિત બે પેડલર ફરી રહ્યા હતા

# બાપુનગરમાંથી એમડી ડ્રગ્સ સાથે મહિલા સહિત બે પેડલર ઝડપાયા

### અમદાવાદ એરપોર્ટ પરથી પણ છેલ્લા મહિનામાં એકસો કરોડનો ગાંજો ઝડપી લેવામાં આવ્યો છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદમાં હવે બાપુનગર ડ્રગ્સનું હબ બની રહ્યું હોય તેવો ઘાટ થયો છે ત્યારે એસઓજીની ટીમે બાપુનગરમાંથી ૫૯.૭૦૦ ગ્રામ ડ્રગ્સ સાથે એક મહિલા સહિત બે પેડલરને ઝડપી લીધા હતા. તેઓ સ્થાનિક વિસ્તારમાં ડ્રગ્સ વેચવા માટે ફરી રહ્યા હતા. હવે આ લોકો ડ્રગ્સ ક્યાંથી લાવ્યા અને કોને આપવાના હતા તેની તપાસ ચાલી રહી છે.ખુદ ગૃહ રાજ્યમંત્રી અને ડીજીપી દ્વારા ડ્રગ્સ ઝડપી લેવાની કવાયત માટે હાકલ સાથે જ શહેર પોલીસ પણ ડ્રગ્સના મુદ્દે એક્ટિવ બની ગઈ છે. એસઓજીની ટીમને બાતમી મળી હતી કે, જુહાપુરા કેનાલ રોડ પર રહેતો નદીમ અન્સારી અને તેની પત્ની શેરબાનુ સાથે ડ્રગ્સનો ધંધો કરે છે. નદીમે ડ્રગ્સનો જથ્થો તેની પત્ની શેરબાનુ અને પોતાના સાગરિત અદનાન શેખને વેચવા માટે આપ્યો છે. તેઓ આ ડ્રગ્સ લઈને બાપુનગરમાં વેચવા ફરી રહ્યા છે ત્યારે પોલીસે શેરબાનુ અને અદનાનને ૫૯.૭૦૦ ગ્રામ ડ્રગ્સ સાથે ઝડપી લીધા હતા. પોલીસે હાલ શેરબાનુ ઉર્ફે સોનું મહંમદ નદીમ અન્સારી (રહે. આશ્વાદ વિલા, ફતેહવાડી, જુહાપુરા) તથા અદનાન ઉર્ફે બાબા આરીફભાઈ શેખ (રહે. સલમાન રો હાઉસ, ફતેહવાડી, જુહાપુરા)ની તપાસ આદરી છે. જ્યારે શેરબાનુના પતિ નદીમ અન્સારીની શોધખોળ આદરવામાં આવી છે. હવે આ પેડલરો ડ્રગ્સ ક્યાંથી લાવતા હતા અને ક્યાં વેચતા હતા તે અંગેની તપાસ શરૂ કરવામાં આવી છે.સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા સ્થાનિક પોલીસ અને ગુનેગારો વચ્ચેની સાંઠ ગાંઠ ખુલ્લી પાડવાની કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે જ સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ડ્રગ્સ પેડલરોને ઝડપી લેવાની કવાયત શરૂ કરવામાં આવી છે અને ગણતરીના દિવસોમાં જ ૧૪ કેસ કરીને સંખ્યાબંધ પેડલરોને ઝડપી લેવામાં આવ્યા છે.અમદાવાદ એરપોર્ટ પરથી પણ છેલ્લા મહિનામાં એકસો કરોડનો ગાંજો ઝડપી લેવામાં આવ્યો છે.

### ૨૪૮૭ કંટ્રોલ રૂમ શરૂ કરવા સરકારની સૂચના

# ગુજરાતના ૧૨થી વધુ જિલ્લામાં ભારે વરસાદની આગાહી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૨ ।

હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં આગામી ૨૮ મે સુધી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જિલ્લામાં ૧૨થી વધુ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી છે, ત્યારે આવતીકાલે શુક્રવારે એટલે કે ૨૩ મેથી ૨૫ મે દરમિયાન રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર ગીર સોમનાથ, ભરૂચ, સુરત, તાપી, નર્મદા, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

આગામી ૨૬ મેના રોજ રાજ્યના ૧૫ જિલ્લામાં વરસાદની આગાહી છે. રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, આણંદ, ભરૂચ, સુરત, તાપી, છોટા ઉદેપુર, નર્મદા, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કર્યુ છે. જ્યારે સમગ્ર ગુજરાતમાં ૫૦-૭૦ કિ.મી.ની ઝડપે પવન ફૂકાવવાની સાથે મેઘગર્જના થશે. હવામાન વિભાગની આગાહી અનુસાર, ૨૭મેના રોજ દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ અને ૨૮ મેના રોજ દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર, રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ, નવસારી, ડાંગ, તાપી, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહીને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

### હાલ ગભરાવાની જરૂર નથીઃ એડિશન ડિરેક્ટર હેલ્થ

# કોરોનાના કુલ ૨૧ કેસ નોંધાયા છે, જેમાંથી હાલ ૧૫ કેસ એક્ટિવ છે

### ગુજરાતમાં અત્યાર સુધી અમદાવાદ શહેરમાં ૧૩, અમદાવાદ ગ્રામ્યમાં ૧ અને રાજકોટમાં ૧ કેસ નોંધાયો

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૨ ।

વિદેશમાં ફરી એકવાર કોરોના વાઈરસના કેસો નોંધાઈ રહ્યા છે. ચાઈના, સિંગાપોર અને થાઈલેન્ડમાં કેસ નોંધાતા વિશ્વસ્તરે ચિંતાની લહેર જોવા મળી છે. ભારત અને ગુજરાતમાં કોરોનાના કેસો નોંધાઈ રહ્યા છે. રાજ્યમાં જાન્યુઆરીથી મે સુધીમાં કોરોનાના કુલ ૨૧ કેસ નોંધાયા છે. જેમાંથી હાલ ૧૫ કેસ એક્ટિવ છે.

આ અંગે એડિશનલ ડિરેક્ટર હેલ્થ ડો. નીલમ પટેલે જણાવ્યું કે, હાલ રાજ્યમાં ગભરાવાની જરૂર નથી પરંતુ સાવચેતી રાખવી જરૂરી છે. ગુજરાતમાં અત્યાર સુધી અમદાવાદ શહેરમાં ૧૩, અમદાવાદ ગ્રામ્યમાં ૧ અને રાજકોટમાં ૧ કેસ નોંધાયા છે. હાલમાં સ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે. ડૉ. નીલમ પટેલે જણાવ્યું કે, કોરોના પોઝિટિવ દર્દીઓને સ્થાનિક સ્તરે ઘરે જ આઈસોલેટ કરવામાં આવ્યા છે અને તેમની સ્થિતિ સ્થિર છે. રાજ્યમાં અત્યારે એક પણ મોત નોંધાયું નથી. તેમણે જણાવ્યું કે ટેસ્ટિંગની પ્રક્રિયા નિયમિત ચાલુ છે અને આરોગ્ય વિભાગ દ્વારા તમામ જરૂરી પહેલ લેવામાં આવી રહી છે. “વિદેશથી ફરીને આવેલા લોકોમાં તાવ, જળદાહ કે શ્વાસને લગતી તકલીફ જણાય તો તરત પોતે આઈસોલેશનમાં જઈ જરૂરી ટેસ્ટ કરાવવી જોઈએ,” તેમ એડિશનલ ડિરેક્ટર હેલ્થે સ્પષ્ટ સૂચના આપી છે. કોઈ નવી ગાઈડલાઈન હાલ જાહેર કરાઈ નથી પરંતુ દરરોજની પરિસ્થિતિના આંકલનના આધારે જરૂર પડશે ત્યારે કાર્યવાહી કરવામાં આવશે. “અગાઉના ઓમિક્રોન વાઈરસના સબ વેરિએન્ટ્સના રૂપ માં હાલના કેસો સામે આવી રહ્યા છે, તેથી હાલ તીવ્ર લક્ષણો જોવા મળતા નથી. તબિયત નરમ લાગે તો પ્રવાહી પદાર્થ વધુ લેવા અને આરામ કરવો જોઈએ,” તેમ ડૉ. નીલમ પટેલે જણાવ્યું.

રાજ્ય સરકારે હોસ્પિટલ સ્તરે પણ આગોતરી તૈયારીઓ કરી છે. આઈસોલેશન માટેની સુવિધા હોસ્પિટલમાં ઉપલબ્ધ રાખવામાં આવી છે અને જો સ્થિતિમાં બદલાવ આવે તો તાત્કાલિક વધારાની વ્યવસ્થા કરવામાં આવશે.

